मोक्षार्थिना प्रत्यहं ज्ञानवृद्धिः कार्या ।

# શ્રી જૈન ધર્મ પ્રકાશ


પુસ્તક ૬૬ મું ] [ અંક ૫ મો

ફાગણ

ઇ. સ. ૧૯૪૯ — ૧૫ મી ફેબ્રુઆરી

વીર સં. ૨૪૭૬ — વિક્રમ સં. ૨૦૦૬

પ્રગટકર્ત્તા—

શ્રી જૈન ધર્મ પ્રસારક સભા

ભાવનગર

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# શ્રી જૈન ધર્મ પ્રકાશ.

બહારગામ માટે બાર અંક ને પોસ્ટેજ સાથે વાર્ષિક લવાજમ રૂા. ૧-૧૨-૦

પુસ્તક ૬૬ મું } ફાગણ { વીર સં. ૨૪૭૬
અંક ૫ મો } { વિ. સં. ૨૦૦૬

## अनुक्रमणिका


૧ ફાલનાખાતે મળેલ શ્રી જૈન શ્વેતાંબર કોન્ફરન્સના સત્તરમા અધિવેશનના ઉદ્ઘાટન પ્રસંગે શેઠ કસ્તુરભાઈ લાલભાઈએ કરેલ પ્રવચન ... ૯૩
૨ સદરહુ કોન્ફરન્સના પ્રમુખ શેઠશ્રી કાંતિલાલ ઇશ્વરલાલનું પ્રવચન ૯૫
૩ કોન્ફરન્સની સ્વાગત સમિતિના પ્રમુખ શેઠશ્રી મૂળચંદજી ... સજમલજીનું પ્રવચન ... ... ... ... ... ૧૦૭
૪ સત્તરમા અધિવેશનના આદેશો ... ... ... ... ૧૧૨
૫ જ્ઞાનપ્રામાણ્યવાદ ... ( શ્રી જીવરાજભાઈ ઓધવજી દોશી ) ૧૧૬
૬ " પ્રકાશ " સંબંધી ... ... ... ... ... ૧૨૦


## નવા સભાસદ

| | | |
|---|---|---|
| ૧ દોશી કાંતિલાલ જીવરાજ | માટુંગા | લાઈફ મેમ્બર |
| ૨ શાહ ઉત્તમચંદ હરગોવીંદ | અમદાવાદ | વાર્ષિક મેમ્બર |

## સભા....સમાચાર

તા. ૨ જી તથા ત્રીજી ફેબ્રુઆરીના રોજ ફાલના( મારવાડ )ખાતે મળેલ શ્રી જૈન શ્વેતાંબર કોન્ફરન્સના સત્તરમા અધિવેશન પ્રસંગે તેની સફળતા ઇચ્છતો તાર-સંદેશો તથા શુભેચ્છા દર્શાવતો પત્ર સભા તરફથી મોકલવામાં આવ્યો હતો.

આચાર્ય મહારાજશ્રી વિજયવલ્લભસૂરિજીના પટ્ટધર શાંતમૂર્તિ આચાર્યશ્રી વિજયલલિતસૂરિજી ખુડાલાખાતે સ્વર્ગવાસી થતાં દિલગીરી દર્શાવતો તાર કરવામાં આવ્યો હતો.

### " પ્રકાશ " સહાયક ફંડ

ગયા માસમાં જણાવી ગયા પછી આ માસમાં નીચે પ્રમાણે રકમ મળી છે, જેનો સાભાર સ્વીકાર કરવામાં આવે છે

૮૨) અગાઉના
૧૧) એક બ્હેન હ. ગાંધી જમનાદાસ અમરચંદ મુંબઈ
રૂા. ૯૩) કુલ

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# શ્રી જૈન ધર્મ પ્રકાશ

| | | |
|---|---|---|
| પુસ્તક ૬૬ મું.<br>અંક ૫ મો. | : ફાગણ : | વીર સં. ૨૪૭૬<br>વિ. સં. ૨૦૦૬ |

## સમયને પિછાની કર્તવ્યમાં રત બનો !

**[ શ્રી જૈન શ્વેતાંબર કોન્ફરન્સના સત્તરમા અધિવેશનને ખુલ્લું મૂકતાં શેઠશ્રી કસ્તુરભાઇ લાલભાઇએ કરેલ પ્રેરક પ્રવચન ]**

શેઠશ્રી કસ્તુરભાઇએ પ્રચંડ હર્ષનાદો વચ્ચે ૧૭મું અધિવેશન ખુલ્લું મૂકતાં જણાવ્યું હતું કે કોન્ફરન્સને અસ્તિત્વમાં આવ્યે લગભગ પચાસ વર્ષ થયા છે, પણ મને કહેતાં દુઃખ થાય છે કે આજ સુધીમાં કોન્ફરન્સની મારફતે આપણે કાંઇ ખાસ સિદ્ધિ મેળવી શકયા નથી. શરૂઆતમાં જ્યારે કોન્ફરન્સની બેઠક ભરાતી ત્યારે જૈન જનતામાં તે અંગે ભારે ઉત્સાહ જામતો. પૈસાદાર વર્ગ પણ સારી સંખ્યામાં હાજરી આપતો અને વિવિધ પ્રકારના દાનની જાહેરાત થતી. પાંચ સાત વર્ષ આ રીતે ચાલ્યું અને ત્યાર પછી કોન્ફરન્સ અંગેનો ઉત્સાહ મંદ પડતો ગયો અને કાળે કરીને આજે એ સ્થિતિ આવી છે કે તેનું અધિવેશન ભરવું પણ મુશ્કેલ બન્યું છે. આનાં કારણો જો આપણે તપાસીએ તો સહેજે સમજાશે કે કોન્ફરન્સ પાસે કોઇ જાતનો સંગીન અથવા રચનાત્મક કાર્યક્રમ ન હતો. જૈન જનતાના ગાઢ સંપર્કમાં આવી તેને મદદરૂપ થવા કાંઇ ખાસ કરવામાં આવ્યું નથી. કેટલાક ચર્ચાસ્પદ ધાર્મિક સવાલો ચર્ચી જૈન જનતામાં વૈમનસ્ય ઊભું થયું. આ બધા કારણોને લીધે જે ઉત્સાહ સને ૧૯૦૦થી ૧૯૧૦ સુધીના મુંબઇ, અમદાવાદ, ભાવનગર વિગેરેના અધિવેશનોમાં જોવામાં આવ્યો તે આજે દેખાતો નથી.



**શેઠશ્રી કસ્તુરભાઇ લાલભાઇ**

["જૈન" પત્રના સૌજન્યથી]

### રચનાત્મક કાર્યક્રમ અપનાવો.

શ્વેતાંબર જૈન કોન્ફરન્સનું અધિવેશન જુદા જુદા પ્રાંતોના, જીલ્લાઓના અને તાલુકાઓના જૈનોને એક બીજાના પરિચયમાં લાવવાનું સ્થાન બને તે યોગ્ય છે, પણ તેને જૈનોની લોકપ્રિય સંસ્થા બનાવવી હોય તો નીચેના મુદ્દાઓ લક્ષમાં રાખી કાર્યક્રમ રચવો જોઇશે.

૧. જૈનોની કોન્ફરન્સ હોઇ જૈનસિદ્ધાંતોને માન્ય રાખી ચાલનારી સંસ્થા હોવી જોઇએ.

૨. આજની બદલાતી જતી સમાજરચનામાં કોમની આર્થિક સ્થિતિ સુધારવા ઉપાયો યોજી તે અંગેની જરૂરી પ્રવૃત્તિઓ હાથ ધરવી જોઇએ.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



૩. ધાર્મિક ચર્ચાસ્પદ વિષયો તેમાં લાવવા જોઇએ નહિં.

૪. સેવાભાવી કાર્યકરો તૈયાર કરી જૂદી જૂદી જગ્યાઓએ જૈન જનતાના ઉત્કર્ષ સારુ પ્રબંધ થવો જોઇએ.

ઉપરના મૂળભૂત મુદ્દાઓ ઉપર કોન્ફરન્સની નીતિ ઘડાશે નહિ ત્યાં સુધી કોન્ફરન્સ લોકપ્રિય સંસ્થા બનવી મુશ્કેલ છે.

## જૈનોની કંગાલીયત.

દસ વર્ષમાં જૈનોની સ્થિતિમાં ભારે પલટો આવ્યો છે. ગામોગામ અને શહેરે-શહેરમાં જૈન જનતાનો મોટો ભાગ આર્થિક સંકડામણમાં મૂકાઇ ગયો છે. વધુ દુઃખની વાત તો એ છે કે આમાંના મોટા ભાગે તો આત્મવિશ્વાસ પણ ગુમાવ્યો છે. જ્યારે દસ વર્ષ પહેલાં એવી સ્થિતિ હતી કે જૈન કોમનો કોઇપણ છોકરો હાથ લાંબો કરતા શરમાતો એટલું જ નહિ પણ તેવી રીતની મદદ લેવા તૈયાર ન હતો. જ્યારે આજે સેંકડો નહિ પણ હજારો માણસો મદદ માટે ફાંફાં મારી રહ્યા છે. આ સ્થિતિ એકલી દુઃખદ નથી, પરંતુ જૈનો માટે ભયંકર છે. આમાંથી બચવાનો અને આપણાં ભાઇઓને ઉગારવાનો એક જ રસ્તો છે જે ભાઇઓની કંગાળ હાલત હોય તેમણે તે મીટાવવાને માટે ગમે તે કામે લાગી જવું જોઇએ અને તેમને કામે ચઢાવવા માટે બીજા જૈન ભાઇઓ કે જે સુખી હોય તેમણે મદદ કરવી જોઇએ. જૈનોથી અમુક કામ થાય અને અમુક કામ ન થાય તે માનસ હવે પણ ફેરવાવું જોઇએ.

## હુન્નર-ઉદ્યોગની તાલીમ આપો.

આજે હિંદુસ્તાનમાં ક્રાંતિ આવી રહી છે અને સેંકડો વર્ષથી વણિક વર્ગના હાથમાં અમુક વેપારો હતા તે ચાલી ગયા છે અને એ પણ શંકાસ્પદ છે કે તે વેપારો વણિક વર્ગના હાથમાં પાછા આવશે કે કેમ? આ સ્થિતિમાં આપણે સમયને પિછાનીએ અને કામે લાગી જઇએ તો જ ઉન્નતિને માર્ગે જઈએ. છેલ્લા વીસ વર્ષમાં એક કામ ઘણું સરસ થયું છે અને તે એ કે મારવાડ જેવા પછાત ગણાતા દેશમાં પણ જૈન વિદ્યાર્થીઓને ભણવા માટેની સગવડ થઇ છે. આ સગવડો જેટલા વધુ પ્રમાણમાં આપણે આપીશું તેટલા પ્રમાણમાં બેકારીનો સવાલ વહેલો ઉકેલી શકીશું. ઉપરાંત નાના પાયાના ઉદ્યોગોની કામગીરી શીખવવામાં આવે તો ઘણાં ભાઇઓનો આજીવિકાનો પ્રશ્ન સહેલો બને.

૧૯૪૭ની ભયંકર ક્રાંતિમાં લાખો હિંદુઓને પાકિસ્તાન છોડી હિંદુસ્થાન આવવું પડયું. તેઓ તેમના ઘરબાર, રાચરચીલા વિગેરે છોડી ચાલ્યા આવ્યા પણ એ સૌને મગરૂબી લેવા જેવી વાત છે કે તેઓમાંથી એક પણ માણસે લાંબો હાથ કરી પોતાનો નિર્વાહ કરવાનો વિચાર ન કરતાં ગમે તે કામ કરી પોતાનો નિર્વાહ કરવાનું પ્રશંસનીય અને મર્દાનગીભર્યું પગલું ભર્યું છે. તે જ પ્રમાણે આપણામાં આવેલી નિસ્તેજતા દૂર કરી કામે લાગી જઇએ તો આપણો ઉદય સહેજમાં છે.

આજે અધિવેશન ભરાઇ રહ્યું છે તે અંદર અંદરના મતમતાંતર ભૂલી જઈ કોમમાં ઐક્ય સાધી અનેક જૈન કુટુંબોની આધારભૂત સંસ્થા બની રહે તેમ પ્રાર્થી આ અધિવેશન ખુલ્લું મૂકું છું.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# ઐકય એજ આપણું અમોઘ સાધન છે

## ક્ષુદ્ર મતભેદો ભૂલી કર્તવ્ય-પંથ પર આગે બઢો.

[ શ્રી જૈન શ્વેતાંબર કોન્ફરન્સના ફાલના (મારવાડ) ખાતે, તા. ૨૭ ફેબ્રુઆરીના સત્તરમા અધિવેશનના પ્રમુખસ્થાનેથી રા. બ. શેઠ શ્રી કાંતિલાલ ઇશ્વરલાલનું જુસ્સાદાર પ્રવચન ]

**भवबीजांकुरजनना रागाद्याः क्षयमुपगता यस्य ।**
**ब्रह्मा वा विष्णुर्वा हरो जिनो वा नमस्तस्मै ॥ श्रीहेमचंद्राचार्य**

ભવરૂપ વૃક્ષના બીજાંકુર એવાં રાગાદિક જેના ક્ષય પામ્યા હોય તે ગમે તો બ્રહ્મા હોય, ગમે તો વિષ્ણુ હોય, ગમે તો મહાદેવ હોય કે ગમે તો જિન હોય તેને મારા નમસ્કાર છે.

આપણે નિશ્ચય કરીએ કે સત્યની આરાધના છોડવાના નથી, સત્ય માટે જગતમાં સાચી અહિંસા એ જ ધર્મ છે; અહિંસા તે પ્રેમનો સાગર છે. તેનું માપ જગતમાં કોઇ કાઢી શકયું જ નથી. એ પ્રેમ સાગરથી આપણે ઉભરાઈ જઈએ, તો આપણામાં એવી ઉદારતા આવે કે તેમાં આખા જગતને આપણે સંકેલી શકીએ. એ કઠીન વસ્તુ છે ખરી, છતાં સાધ્ય છે, તેથી આપણે શરૂઆતની પ્રાર્થનામાં સાંભળ્યું કે શંકર કે વિષ્ણુ, બ્રહ્મા હો કે ઇન્દ્ર, બુદ્ધ હો કે સિદ્ધ, મારું માથું તેને જ નમે છે જે રાગદ્વેષ રહિત છે, જેણે કામો જીતેલા છે, જે અહિંસાની-પ્રેમની મૂર્તિ છે.



રા. બ. શેઠશ્રી કાન્તિલાલ ઇશ્વરલાલ

આપ સર્વ ભવ્ય આત્માઓને હું નમન કરૂં છું. આપનામાં રહેલાં અનંત ગુણો, તથા આપણા અંતિમ ધ્યેયને પહોંચવા માટે આપણામાં છુપાએલ અનંત જ્ઞાન, દર્શન અને ચારિત્ર્યની અનંત શક્તિઓને હું કોટી કોટી વંદન કરૂં છું. આત્મ જાગૃતિના મુખ્ય સિદ્ધાંતને સ્વીકારનારા અને આપનારા આપ સર્વમાંથી અનેક પ્રેરણાઓ લઈ આપણે સાથે મળી જૈન શાસનનો ઉદ્યોત કરવા અનેક કાર્યો કરવાનું બળ મેળવીશું. જે ઉત્સાહ અને પ્રેમથી આજે આપણે આપણા પૂર્વજોની ભૂમિ ઉપર એકત્રિત થયા છીએ તે ભૂમિને ફરી યાદગાર બનાવવાનું શાસનદેવ આપણને બળ આપે તેવી તમારા અને મારા તરફથી પ્રાર્થના કરૂં છું.

છેલ્લા અધિવેશન પછીના લગભગ પાંચ વર્ષના ગાળા પછી આપણી આ મહાસભા આજે તેનું સત્તરમું અધિવેશન ભરી શકી છે તે માટે પરમ કૃપાળુ પરમાત્માનો હું આભાર માનું છું.



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



કોન્ફરન્સના જન્મથી માંડી આજ સુધી એટલે લગભગ ૪૯ વર્ષના લાંબા ગાળામાં આપણી મહાસભાનું નાવ ભરતી અને ઓટ વચ્ચે સારી રીતે ઝોલાં ખાતું આવ્યું છે. પંદરેક વર્ષથી તો ઓટમાં એટલું સપડાયું કે છેક કિનારે આવીને જ તેનું નાવ પડી રહ્યું છે. પાંચ વર્ષ પહેલાં આપણે મુંબઈખાતે તેનું સોળમું અધિવેશન ખૂબ ઉત્સાહ વચ્ચે ભર્યું અને દરેકને આશા હતી કે મહાસભામાં નવા પ્રાણ પુરાશે અને સમાજને યોગ્ય માર્ગદર્શક થઇ પડશે પણ સમાજના ડહોળાએલ વાતાવરણને સ્વચ્છ થવાનો સમય પાકયો નહીં એટલે તે વખતે પણ કાર્યકર્તાઓના ભગીરથ પ્રયત્નો છતાં આપણે સંતોષકારક પરિણામ લાવી શકયા નહિ. મારવાડના ઉત્સાહી બંધુઓએ આવા કટોકટીના સમયમાં આ અધિવેશન માટે આમંત્રણ આપ્યું અને આજે આપણે એકત્રિત થઇ શકયા છીએ તે તેમને જ આભારી છે.

આ સંસ્થાને જન્મ આપનાર પણ આજથી ૮૦ વર્ષ પહેલાં જન્મ લેનાર એક ગ્રેજ્યુએટ મારવાડી બંધુ જ હતા. ઢઢ્ઢા સાહેબના નામથી જૈન સમાજ અપરિચિત નથી. એક મારવાડી બંધુના હાથે સ્થપાયેલ આ સંસ્થાને તેના ખરા કટોકટીના સમયમાં હાથ ઝાલનાર મારવાડી બંધુઓ જ બહાર પડે તેમાં મને કુદરતનો હસ્તક્ષેપ લાગે છે. જે સ્થાને આપણે એકત્રિત થયા છીએ તે સ્થાનમાં વિદ્યાનું જે મહાન ધામ પ્રવર્તે છે, તે પણ ઢઢ્ઢાસાહેબની અથાગ મહેનતનું જ પરિણામ છે. આટલી પાકટ ઉંમરે પણ યુવાનને શરમાવે તેવા ઉત્સાહથી આપણને પ્રેરણા આપવા આજે આપણી વચ્ચે તેઓ હાજર રહ્યા છે. આ સંસ્થાને જીવતી જોવાની તેમની ધગશ આપણામાં નવા પ્રાણ પૂરી રહી છે. આ મહાન સંસ્થાના મહાન પિતા બીજા વીસેક નવાં અધિવેશનોમાં આ પ્રમાણે હાજરી આપે એટલી શાસનદેવને પ્રાર્થના છે.

ગોડવાડ સંઘના પણ આપણે એટલા જ ઋણી છીએ. વીર ભામાશાના વારસદારોને ખરી કટોકટી વખતે મદદ મોકલવાનું કહેણુ જ ન હોય, તે તો સમયસર પહોંચી જ આવે અને નિસ્તેજ થયેલી શક્તિઓમાં પ્રાણ પૂરે.

પરમપૂજ્ય આચાર્ય શ્રી વિજયવલ્લભસૂરીશ્વજી! જૈન સમાજ અને ધર્મ માટે આપની ઉદાત્ત ભાવનાને હજી અમો પૂરેપૂરી સમજી શકયા નથી. એકાદ નાની કેળવણીની નવી સંસ્થા ખોલવાની હોય તો યે આપનું હૃદય ઉછળે તો આ તો કોઇ જૈન સમાજના પ્રાણરૂપી કોન્ફરન્સની ડુબતી નાવને ફરી તરતી કરવા આપને શું મંથન થતું હશે તે તો કોઇ અનુભવી જ સમજી શકે. પાકીસ્તાનના ભાગલા વખતે શાસનદેવે અમારા સુભાગ્યે અમને સોંપ્યાં કારણ કે હજી જૈન સમાજને આ નવા ક્રાંતિકાળમાં આપની ડગલે ને પગલે જરૂર લાગવાની છે. આ નવો પલટો લેતા યુગમાં જૈન સમાજ ભગવાન મહાવીરનો વારસો કઇ રીતે સાચવી શકે, પચાવી શકે અને જગત સમક્ષ રજૂ કરી તેને યોગ્ય માર્ગે વાળી શકે તે માટે અમારે આપશ્રીની દોરવણીની ભારે જરૂર છે. જૈન સમાજ જગત સમક્ષ એક સરખા માનથી ઉભો રહી શકે તે માટે આપે કેળવણીની અનેક સંસ્થાઓ ખોલવા

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



પ્રેરણાઓ આપી અને તેનાં ફળ આજે નવી પ્રજા ચાખવા માંડી છે. શ્રાવક ક્ષેત્રને મજબૂત કરવા આપની દીર્ઘદષ્ટિથી પ્રથમ પગલું ભર્યું, હવે જૈન સમાજ આ કટોકટીના કાળમાં ઉભો રહી શકે. અને આખા શાસનની જવાબદારી વહોરી લેવા જેટલો શક્તિમાન થાય તેની પણ પ્રેરણા આપના તરફથી જ મળશે તેવી અનેક આશાઓ અમો આપ જેવા પાસે ન રાખીએ તો કોની પાસે રાખીએ ? ભારતવર્ષનાં દરેક જૈન વિદ્યાધામોના બાળકોના આપને આશીર્વાદ છે કે તમે ખૂબ જીવજો અને સમાજની આશાના એ તારલાઓ માટે બીજા અનેક વિદ્યાધામો ખોલવા પ્રેરણા આપજો. દ્રવ્ય, ક્ષેત્ર, કાલ અને ભાવને પૂરેપૂરા સમજનાર પૂજ્યશ્રી! સમગ્ર જૈન સમાજની આપને માટે પ્રાર્થના છે કે આ યુગના જૈન યુગેશ્વર ખૂબ લાંબું જીવે. શાસનદેવ તમને ખૂબ જીવાડે.

સજ્જનો! જે મહાન જવાબદારી–ભરેલું સ્થાન આપે મને આપ્યું છે તે સ્થાનને લાયક હું છું કે કેમ તેની ચર્ચા કર્યા વિના એટલું જ કહીશ કે આપના સ્નેહાકર્ષણથી આકર્ષાઇ મેં આ દુઃસાધ્ય ભાર ગ્રહણ કર્યો છે. જો કે આપે ભાર મને સોંપ્યો છે છતાં હું તો એમ જ સમજું છું કે ખરી જવાબદારી આપને સ્વીકારવાની છે. હું તો એક નિમિત્ત માત્ર છું. દેવને રથ ખેંચવા લાકડાનો ઘોડો જોડે છે ખરા, પણ એ રથને ખેંચે છે ભક્ત લોકો જ. હું પણ આ અનુષ્ઠાનરૂપી રથનો લાકડાનો ઘોડો છું. ખેંચવાનું આપને જ છે. મને પૂર્ણ શ્રદ્ધા છે કે આપ સર્વના સહકારથી આપણી મહાસભાને આપણે ફરી પ્રાણવંત સંસ્થા બનાવી શકીશું.

આ અધિવેશનનું ઉદ્‌ઘાટન આજે જે વ્યક્તિને હસ્તે થયું છે તેથી આપણા સર્વેની શ્રદ્ધા ખૂબ દૃઢ થઇ છે કે આપણી મહાસભા જીવતી અને જાગતી સંસ્થા બનાવી શકીશું. શેઠ કસ્તુરભાઇ લાલભાઇ જેવી બાહોશ અને દીર્ઘદષ્ટિવાળી વ્યક્તિ આપણે ધરાવીએ છીએ તે માટે આપણો સમાજ ખરેખર મગરૂર છે. આવી એક જ વ્યક્તિથી આપણે ઘણી બાબતોમાં બેફીકર છીએ. તીર્થોના અતિ ગુંચવણ ભરેલા પ્રશ્નને આપણા અને આપણી ભવિષ્યની પ્રજા માટે લાંબાકાળ સુધી સરળ બનાવી તેમણે સર્વને ચિંતામુક્ત કર્યા છે. આવી પુણ્યશાળી વ્યક્તિના શુભહસ્તે આ અધિવેશનનું ઉદ્‌ઘાટન થાય તે માટે હું તો ખૂબ શ્રદ્ધાવંત થયો છું કે આપણે કોન્ફરન્સ દ્વારા અનેક સંગીન કાર્યો હાથ ધરી શકીશું. પ્રમુખસ્થાને વ્યવહારિક દૃષ્ટિએ હું ખુરશી ઉપર છું પણ મારી નજર તો શેઠ કસ્તુરભાઇ ઉપર જ હંમેશા રહેશે. કોન્ફરન્સના શરીર તરીકે હું મારી જાતને માનીશ અને તેના આત્મા તરીકે શેઠ કસ્તુરભાઇને માનીશ. હું તમારા તરફથી આ તકે શેઠ કસ્તુરભાઇનો આભાર માનું છું.

છેલ્લા અધિવેશન પછી આપણો દેશ એક મહાન્ ક્રાંતિમાંથી પસાર થઇ રહ્યો છે. એ પાંચ વર્ષના ગાળામાં યુરોપના ભયાનક યુદ્ધનો અંત આવ્યો અને ભારતવર્ષ મહાત્મા ગાંધીજી અને કોંગ્રેસની લાંબી તપશ્ચર્યા પછી સ્વતંત્ર થયો. હજારો વર્ષમાં જે દેશ ખરી

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



સ્વતંત્રતા પ્રાપ્ત ન કરી શક્યો તે લોહીનું એક ટીપું પાડ્યા વિના અહિંસાના માર્ગે કરી શક્યો તે માટે આપણને બેવડો હર્ષ થાય છે.

આજે આપણે એક સ્વતંત્ર દેશના શહેરો તરીકે આ અધિવેશનમાં ભાગ લઈ રહ્યા છીએ એટલે આપણી જવાબદારી પણ હવે બમણી થાય છે. દેશને સ્પર્શ કરતાં નાના કે મોટા દરેક પ્રશ્નો સાથે આપણે એક હિન્દી તરીકે જોડાવાની પહેલી જવાબદારી અને કોમવાદ કે પ્રાંતવાદને અસ્પૃશ્ય ગણીને જૈન સમાજ તથા ધર્મના આંતરિક પ્રશ્નોના માર્ગ કાઢવાની બીજી જવાબદારી. આપણી બે આંખોમાં કઇ આંખ ઓછી કિંમતી છે એ કહેવું જેટલું મુશ્કેલ છે તેટલું જ મુશ્કેલ આ બંને જવાબદારીઓની કિંમત આંકવામાં છે. રાષ્ટ્ર જીવતો અને સદ્ધર હશે તો જ સમાજ અને ધર્મ જીવી શકશે.

## દેશની ચાલુ પરિસ્થિતિ અને આપણી ફરજ

હું આપની સમક્ષ રાષ્ટ્રની હાલની પરિસ્થિતિ અંગે લાંબું વક્તવ્ય કરવા નથી માગતો. આપ સર્વે તેનાથી સારી રીતે વાકેફ છો. દેશ સ્વતંત્ર થયા પછી પણ હજી આજે આપણે ખરી શાંતિ અનુભવી શકતા નથી અને પ્રજાના મોટા ભાગના ધૈર્યની પણ અવધિ આવતી હોય તેમ આપણને લાગ્યા કરે છે. ગયા યુદ્ધ પછી જગતની ડામાડોળ સ્થિતિ, પાકિસ્તાનની ઉત્પત્તિથી થયેલ માનવસંહાર, ત્યાંથી આવનાર ભાઇ બ્હેનો માટે સરકારને કરવાની દરેક જાતની સગવડનો બોજો, કાશ્મીર અંગે ઝઘડો, મૂડીવાદ અને મજૂર વચ્ચે ઘર્ષણ. અનાજની મોટી ખેંચ, અસહ્ય મોંઘવારી અને છેલ્લે છેલ્લે ઇંગ્લેંડે પૌંડની કિંમત ઘટાડવાથી ડૉલર વિસ્તારમાંથી જણસભાવ મંગાવવાની વધેલી મુશ્કેલી–આ અને આવા અનેક પ્રશ્ન દેશના સુકાનીઓને ખુબ મુંઝવી રહ્યા છે. એક પ્રશ્નનું નિરાકરણ કરવા કામ હાથ ધરાય છે ત્યાં બીજો આવીને ઊભો જ રહે છે. બ્રિટિશ સરકારે એવું જીર્ણ કરીને આપણને વસ્ત્ર આપેલ છે કે જરા સાંધતા, સંધાવાને બદલે વસ્ત્ર વધારે ફાટે છે. આવી કટોકટીના સમયમાં સરકારની ટીકા કરવી આપણા માટે બહુ સહેલી થાય છે; પણ એ જગ્યાએ આપણે હોત તો શું કરી શકત? એ વિચારનો જવાબ આપણે પોતે જ વિચારવાનો છે. સેંકડો વર્ષની ગુલામીમાં આપણે એટલા તો નિર્બળ બની ગયા છીએ કે જરા જેટલું દુઃખ પણ આપણને હિમાલય જેવું લાગ્યા કરે છે. આ પ્રમાણે સરકારને સહકાર આપવાને બદલે તેમને વખોડીને, ટીકા કરીને નાહિંમત કરવાનો માર્ગ લઇ રહ્યા છીએ. આવા કટોકટી ભરેલાં સમયમાંથી પસાર થતાં જરા વાર તો લાગે જ, પણ દેશના સારા નસીબે આપણે એવા સદ્ધર આગેવાનોના હાથમાં છીએ કે દરેક બાબત થાળે પડતાં વાર નહિ લાગે એવી મારી તો પાકી શ્રદ્ધા છે. દેશને મુંઝવતી મોટી મુશ્કેલીઓનો માર્ગ જ્યાં સરળ થયો કે નાની બાબતો આપમેળે જ રસ્તાસર આવી જશે.

## આપણી મહાસભા.

આપણી મહાસભાના જન્મ પછીથી આજ સુધીમાં કોઇપણ વખત આ સંસ્થાની મોટી અને ખરી જરૂરીયાત આપણને ન લાગી હોય તેવી જરૂરીયાતના સમયમાં હવે આપણે

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



દાખલ થયા છીએ. કોન્ફરન્સની પચાસ વર્ષની કારકીર્દિમાં મેં શરૂઆતમાં જણાવ્યા મુજબ અનેક ભરતી અને ઓટ આવ્યા છતાં શ્વેતામ્બર સમાજમાં વિદ્યાજ્ઞાનનો પ્રચાર, સાહિત્યનું પ્રકાશન, જૂના સાહિત્યનો, શિલાલેખોનો અને મંદિરોનો ઉદ્ધાર, સામાજિક કુપ્રથાઓનો નાશ, નવીન વિચારોનું પ્રબળ આંદોલન, સુશિક્ષિત અને શ્રીમંતોના સુયોગ, ધાર્મિક ખાતાઓની તપાસણી વિગેરે અનેક કાર્યો થઇ સમાજમાં પ્રબળ જાગૃતિ આવી. આ દરેકમાં મંદતા, સ્તબ્ધતા કે રૂઢીચુસ્તતા વત્તાઓછા પ્રમાણમાં સમાજમાં રહેલા જૂના જડઘાલેલા વિચારોની અસરથી રહેવા પામી છે, છતાં હવે વર્તમાન યુગના વાતાવરણના જોશથી સર્વ ઉપર ઉત્તમ પ્રભાવ પડયો છે. છેલ્લાં પંદરેક વર્ષથી તો જૂના અને નવા વિચારવાળાઓ વચ્ચે વિચારભેદોને લીધે ખૂબ ઘર્ષણ ચાલ્યું જેના પરિણામે તેના અસર કોન્ફરન્સ ઉપર માઠી થઇ અને કોન્ફરન્સ લગભગ મૃતઃપ્રાય સ્થિતિમાં આવી પડી. ગયા અધિવેશન બાદ બેએક વર્ષ પછી તો એમજ લાગતું હતું કે કદાચ આ સંસ્થા બંધ પડી જાય. પણ તે અરસાના કાર્યકરોએ હિંમત ન હારતા ખોળીયામાંથી પ્રાણને જતાં જતાં અટકાવવા ભારે પ્રયત્ન કર્યો જે માટે તેઓ ખરેખર ધન્યવાદને પાત્ર છે. છેલ્લા વર્ષથી મુંબઇ સરકારના કેટલાક નવા કાયદાઓ જૈન ધર્મના હાર્દને એવા તો સ્પર્શતા ગયા કે કોન્ફરન્સને તેની લાંબી નિદ્રાનો ત્યાગ કરવો પડયો. ધર્માદા ખાતાના ટ્રસ્ટ એકટ બીલ, ભીક્ષાબંધીના કાયદામાં આપણાં પૂજ્ય ત્યાગી વર્ગનો સમાવેશ, આયંબીલ જેવી પવિત્ર તપશ્ચર્યાને પણ સમૂહમાં ન કરી શકવાનો કાયદાનો આવતો પ્રતિબંધ વિગેરે માટે આપણી મહાસભાએ ખૂબ જહેમત ઉઠાવી, અથાગ પરિશ્રમ લઇ તેની યોગ્ય કાર્યવાહી શરૂ કરી દીધી. અને સરકારમાં જૈન સમાજનો અવાજ ખૂબ સચોટ રીતે રજૂ કર્યો. ગમે તેવા જૂનવાણીને પણ સંતોષ થાય તેવા ધાર્મિક વૃત્તિનાં કાર્યો મહાસભાએ હાથ ધરવાથી ફરી જૈન જનતાને વિશ્વાસ આવવા માંડયો કે આવી સર્વમાન્ય થવા સર્જાયેલી આ સંસ્થા સિવાય હવે આ યુગમાં જૈન સમાજ પોતાનો અવાજ રજૂ કરી શકે નહિં અને સમાજને યોગ્ય માર્ગદર્શન આપી ન શકે. પચાસ વર્ષની જૂની સંસ્થા છોડીને નવી સંસ્થા સ્થાપવા કોઇ વિચાર કરે તો પણ જનતાનો વિશ્વાસ મેળવતાં તેને અનેક વર્ષો થઇ જાય, એટલે હવે તો લગભગ દરેક વર્ગને એમ લાગવા માંડયું છે કે કોન્ફરન્સની પ્રગતિ તે જ જૈન સમાજની પ્રગતિ. જૈન સમાજની ખરી પારાશીશી જોવી હોય તો કોન્ફરન્સ દ્વારા જ જોઇ શકાય. આવી એક સરખી વિચારશ્રેણીને લીધે આપણું સંગઠન મજબૂત અને તેવા સંયોગ થવા માંડ્યા છે. આવા સમયનો લાભ લઇ મારી તો સમાજના દરેક વર્ગને નમ્રપણે અરજ છે કે ભૂતકાળનાં દરેક મતભેદોને વિસારે પાડી નવા જન્મ તરીકે હવે આપણે સાથે ભળીએ અને ઉદાર ભાવથી એકબીજામાં વિશ્વાસ રાખી આપણી મહાસભાને આગળ ધપાવીએ. અનાદિકાળથી મતમતાંતરો ઉપસ્થિત થયા જ કરે છે અને વ્યવહારૂ માનસથી તેનો નિકાલ લાવી આગળ પગલાં મૂકવાં જ પડે છે. આ પ્રસંગે વડોદરાખાતે સને ૧૯૦૬ માં ભરાયેલ ત્રીજા અધિવેશનમાં તે વખતનાં મુખ્ય મંત્રી શેઠ લાલભાઈ દલપતભાઇના ભાષણમાંથી આપણને મનન કરવા લાયક ભાગ આપ સમક્ષ રજુ કરું છું:—

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



"પૈસાની મદદ મળશે પણ જો સંપ નહી હોય તો આપણે કોન્ફરન્સને નભાવી શકવાના નથી, કારણ પૈસાની મદદ કરતાં પણ વધુ જરૂર સંપની છે. તે ખાતર આપણે ઝીણી ઝીણી બાબતોમાં મતભેદ દૂર કરી એક જ મુદ્દા ઉપર આવવું જોઇએ. જો આપણો અમુક ભાઇ ચૂક કરે છે તો તેને તે બતાવવી એ આપણી ફરજ છે. તેમ કરવાથી તે સુધારે તો ઘણું સારું અને ન સુધારે તો દરગુજર કરવી; પણ તે બાબત વિરોધ કરી તેનાથી જુદા પડવું તે આપણને ઉચિત નથી. આવા બહોળા વિચાર સિવાય આપણે કંઇ કરી શકવાના નથી."

આજ અધિવેશનના પ્રમુખ રાયબહાદુર બાબુસાહેબ બુદ્ધિસિંહજી દુધોડીઆ સાહેબના પ્રમુખસ્થાનેથી કરેલાં ભાષણમાંથી પણ આપણને યોગ્ય દોરવણી મળે છે. સંપ ઉપર બોલતાં તેઓ કહે છે કેઃ—

**" कोन्फरन्समें आपको मान ज्वादा मिले वा कमती मिले, आपकी मरजीका सवाल उड गया, यदि बिनमरजीके सवाल पर ठराव हुआ तो उस वख्त लेशमात्र कुद नही होता. अपने ख्यालके सवाल पर दृढ रहना परंतु कोन्फरन्स को नुकसान पहुंचे वैसी जीद बिचारना मुनासीब नही है।"**

આ બન્ને મુરબ્બીઓના મનનીય વાક્યોને આજે આપણે હૃદયમાં ટાંકવા જેવા છે. આજે આપણે કંઇ ન કરી શકીએ તો એટલું તો દૃઢ નિશ્ચયથી નક્કી કરીને જ ઉઠવાનું છે કે હવે પછી ગમે તેવા મતમતાંતરો ઉપસ્થિત થાય છતાં તે વ્યક્તિગત હોઇ આવી મહાન સંસ્થાની પ્રગતિને તો નહિ જ રોકીએ. હું આ તકે જૈન જનતાને એટલો પાકો વિશ્વાસ આપું છું કે જ્યાં સુધી આ સંસ્થાનું નાવ મને સોંપ્યું છે ત્યાં સુધી તો તે કોઇ પણ વર્ગનું મન દુખાય તેવા લડાયક પ્રશ્નો કોન્ફરન્સને હાથ ધરવા નહિં દઉં. દરેક વર્ગ ગમે તેવા ઉદ્દામવાદી હોય કે જૂનવાણી, તેના વિચારોનો સમન્વય કરાવી માર્ગ કાઢવા પ્રયત્ન કરીશ. હું સમજું છું કે આ મહાસભાને કોઇને પણ ખોવી પાલવે તેમ નથી, છતાં જે વર્ગ ધર્મ, સમાજ અને દેશની પ્રગતિને આડે આવે છે તેવું તમોએ ચુંટેલ મારી કમિટીને બહુ વિચાર્યા પછી લાગશે તો અદબ વાળીને બેસી રહેવાનું પણ હું પસંદ ન કરી શકું, અને મહાસભાને સ્થગિત સ્થિતિમાં રાખી મુડદાલ હાલતમાં સડવા ન દઉં. મારું તો એક જ ધ્યેય હોઇ શકે કે કોન્ફરન્સ કઇ રીતે આગળ વધી શકે? જનતામાં ભળતી થાય, તેની સેવા કરવાની તક જતી ન કરે અને આખા દેશ તથા જગતની સાથે જૈન સમાજ એક સરખા માનથી ઊભો રહી શકે. આ દૃષ્ટિબિંદુ ખ્યાલમાં રાખી હું દરેક વર્ગનો સાથ મેળવવા તનતોડ મહેનત કરીશ. હું ફરીથી દરેક જુદા જુદા વિચાર ધરાવનારા સમૂહોને ખૂબ આગ્રહપૂર્વક વિનંતિ કરું છું કે કોન્ફરન્સનો આજે નવો જન્મ થયો છે, તે એક નવી સંસ્થા તરીકે જ ઉભી થઇ છે તેમ સમજી તમારો સાથ સાચા હૃદયથી નિઃશંકભાવે આપજો. દેશ, કાળ એવા તો બદલાઇ ગયા છે કે જેટલા તમે આ મહાસભાથી દૂર

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



ભાગશો તેટલા જ તમે જૈન સમાજને પાછા પાડી રહ્યા છો તેમ સમજજો. સાચા હૃદયથી તેમાં જોડાઇ જેટલો સાથ આપશો તેટલી આપણી પ્રગતિ નજદીક જ સમજશો.

આપણી મહાસભા એટલે સર્વનો સમૂહ. આપણે સાથે મળી જો કંઇ કામ ન કરી શકીએ તો તેટલા પ્રમાણમાં આપણી પ્રગતિ અટકી જ પડે. સમાજની સાથે રહ્યા વિના આપણે જીવી શકીએ જ નહીં. આપણે સર્વે સાથે બેસીએ, એક બીજા પ્રત્યે સમભાવપૂર્વક વર્તીએ, સમાજ અને ધર્મની વિચારણા કરીએ, એટલું વાતાવરણ આપણે ઉત્પન્ન કરીશું તો તેને હું એક મોટું રચનાત્મક કાર્ય થયેલું ગણીશ. ભૂલો કરવી અને તેને સુધારતા જવું અને નવાં પગલાં ભરવાં તે માટે તો આપણો જન્મ છે. આ એક જ ટેવથી આપણે આપણા અંતિમ ધ્યેયને પણ પહોંચી શકીએ.

કોન્ફરન્સ અને તેના ભાવી અંગે મેં આપને મારું મંતવ્ય અને ધ્યેય જણાવ્યું. હવે હું ટૂંકામાં જૈન સમાજને સ્પર્શતા કેટલાક સવાલો આપ સમક્ષ રજૂ કરીશ.

## મુંબઇ સરકારનું ટ્રસ્ટ એકટ બીલ.

ગઇ સાલમાં મુંબઇની ધારાસભામાં રજુ કરાયેલ આ બીલથી જૈન જનતા પૂરેપૂરી વાકેફ છે. તેને લીધે આપણા પવિત્ર ગણાતા 'દેવદ્રવ્ય'ની હયાતી ભયમાં આવવાનો પાકો સંભવ છે. આપણી મહાસભાએ તેન્ડુલકર કમિટી આગળ સચોટ રીતે તે બીલની વિરુદ્ધમાં પુરાવા આપ્યા છે. શેઠ આણંદજી કલ્યાણજીની પેઢીના પ્રમુખ શેઠ કસ્તુરભાઇ લાલભાઇએ પણ આ અંગે ખૂબ અસરકારક જુબાની આપી છે. સરકાર હિન્દુ ધર્મને લગતા કાયદાઓમાં જૈન ધર્મના માનસને પણ સાથે ભેળવવા પ્રયત્ન કરતી હોવાથી આવી રીતે ઘણી બાબતોમાં ઉહાપોહ થાય છે. હિન્દુ અને જૈન ધર્મ અનેક બાબતોમાં જુદો પડતો હોઇ બંને ધર્મો માટે એક સરખા નિયમો લગાડી શકાય જ નહિ. વળી જે કારણ માટે દાન આપનાર નાણાં આપે છે તેની ભાવના અને મંતવ્યની આડે આવવાનો કોઇ પણ સરકારને અધિકાર ન હોઇ શકે. દાન આપનાર વર્ગ સરકારને અજ્ઞાન લાગતો હોય તો લોકમત કેળવવા પ્રયત્ન કરે, તેમાં પ્રજાને જો વ્યાજબી લાગશે તો તેની પ્રણાલિકામાં ફેર થયા વિના નહિ રહે. પણ જે મંતવ્યો જૈન ધર્મના અનુયાયીઓના હૃદયમાંથી ખસી શકે તેવું જ ન હોય તે મંતવ્યો શી રીતે ફેરફાર કરી શકાય ? એમ કહેવામાં આવે છે કે જૈન મંદિરો પાસે પુષ્કળ ધન છે માટે ત્યાં એકઠું ન થવું જોઇએ. પાંચ પચીસ મંદિરો પાસે હોવું જોઇએ તે કરતાં કદાચ વધારે હશે. આ પાંચ પચીસ મંદિરોનું ધન તેમની પોતાની માલીકીનું નથી, ભારતવર્ષના છત્રીસ હજાર જૈન મંદિરોની માલીકીનું છે. તેનો જીર્ણોદ્ધાર, તેની વ્યવસ્થાનું કામ કોણ માથે લે તેમ છે ? આખા હિન્દના જૈન મંદિરોમાં જે મંદિરોના જીર્ણોદ્ધારની ખાસ જરૂર છે તે જો શરૂ કરવામાં આવે તો મારી સાદી સમજ મુજબ અત્યારે આપણી પાસે જે દ્રવ્ય છે તેનાથી ચારગણું વધારે હોય તો પણ પહોંચી શકાય નહી. આ ગણત્રી તો હું વગર મોંઘવારીના ભાવથી કહું છું, અને આજની અસહ્ય મોંઘવારીનો જો વિચાર કરીએ તો મારે કહેવું જોઇએ કે જો બધો એક સાથે જીર્ણોદ્ધાર શરૂ થાય તો કદાચ તે બજેટ દેવાળીયું ગણાય.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



જૈન મંદિરોની સ્વચ્છતા, તેની શિલ્પકળા આજે દરેક ધર્મને અનુકરણીય છે. જો મંદિરો પાસે દેવદ્રવ્યની જોગવાઈનો પ્રબંધ આપણા પૂર્વાચાર્યોએ ન કર્યો હોત તો આ જ પ્રદેશમાં આવેલ આખા ભારતવર્ષની કળાને ઉજ્વળ કરનાર દેવવિમાન જેવા રળીઆમણા રાણકપુરના તીર્થનો જીર્ણોદ્ધાર શેઠ આણંદજી કલ્યાણજીની પેઢી લાખો રૂપીઆને ખર્ચે શી રીતે કરાવી શકી હોત ? અને આ જ પ્રમાણે સમગ્ર ભારતવર્ષની કળાના મુગટ સમા આબુના મંદિરોના ઉદ્ધાર માટે પચીસેક લાખ જોઈશે તેનું શું ? આ તો એક બે તીર્થોની વાત કરી. હજી આવાં કેટલાય કળામય તીર્થોની વાત બાકી છે. આ સમયમાં આપણે એટલા જરૂર નસીબદાર છીએ કે આપણા મહાન તીર્થોનો વહિવટ શેઠ આણંદજી કલ્યાણજી જેવી પેઢીના અને તેના બાહોશ પ્રમુખના હાથમાં છે. દેશમાં કળાને પોષવા માટે જુદી જુદી સંસ્થાઓ ખોલાય, જુદા જુદા શિક્ષણવર્ગ ખોલીએ અને જ્યારે તેના પરિણામરૂપ આવા ફળોને મોટા થવાં પહેલા આવા કાયદા-કાનૂનોનો ભોગ થવું પડે તે કેટલીક અસંગત હકીકત છે ? હું ખૂબ નમ્રપણે આ જગ્યાએથી મુંબઈ સરકારને વિનંતી કરું કે આ બીલને કાયદાની ચોપડીએ ચઢાવતાં પહેલાં અમારામાંના થોડાકને બોલાવજો, અમારા તીર્થોની એક વખત મુલાકાત લેજો અને ધાર્મિક નહિં તો કલાત્મક દૃષ્ટિથી પણ જૈન ધર્મના ઉપકારી પુરુષોએ યોજેલ દેવદ્રવ્યની સ્કીમનો અભ્યાસ કરી તેને પોષણ મળે તેવાં પગલાં લેજો.

## ભિક્ષાબંધી બીલ.

આ બીલ અંગે પણ આપ સર્વ સારી રીતે વાકેફ છો. આ બીલ મુખ્યત્વે કરીને તો ભીખનો ધંધો લઈ બેઠેલાઓનું Nuisance અટકાવવા માટે જ ઘડાયેલ છે, છતાં આ બીલનો પૂરો અભ્યાસ કરતાં એમ લાગે છે કે આપણા પૂજ્ય ત્યાગી વર્ગનો પણ આ બીલમાં સમાવેશ થઈ જાય છે. આપણી મહાસભાએ આ બીલ અંગે પોતાનો સખ્ત વિરોધ જાહેર કરી ત્રણે ફીરકાનું એક ડેપ્યુટેશન મુંબઈ સરકારના હોમ સેક્રેટરીને મળ્યું હતું. ત્રણે ફીરકાઓનો એક સરખો મજબૂત વિરોધ હોઇ આપણી પ્રજાકીય સરકાર જરૂર સુધારો કરશે, એટલી આશા વધારે પડતી નથી. આપણા પૂજ્ય મુનિમહારાજાઓ તથા સાધ્વીજીઓ પોતાનો સંયમ ટકાવવા પૂરતો જ આહાર લે છે તે ભાગ્યે જ કહેવાની જરૂર હોય. આ દેશ ચારિત્ર્યશીલ પુરુષો ઉત્પન્ન કરવાની મુખ્ય ભૂમિ ગણાય છે. આવા બીલથી તો મહાન આત્માઓના વિકાસમાં અંતરાય ઊભો થશે. માનવજાતનું નૈતિક જીવન ઉંચે આવે તે માટે સરકારને નિયમો ઘડવા પડે છે ત્યારે આપણો ત્યાગી વર્ગ તો પોતાના અનુભવ અને જ્ઞાનદ્વારા આવા બોધપાઠ આપી ભૂલેલાને માર્ગ બતાવે છે અને જીવનનું સાચું ધ્યેય સમજાવે છે. આવી મહાન વ્યકિતઓનો માન મરતબો વધે, તેમને પૂરતી સગવડો અપાય એવા નિયમો ઘડવાની જોગવાઈ કરવાની જરૂર છે. સરકાર જૈન ધર્મને સ્પર્શતી કલમો ઘડતાં પહેલાં કોન્ફરન્સ જેવી સર્વમાન્ય સંસ્થાને પૂછાવે, તેની સલાહ લે, તેની સાથે વાટાઘાટ કરે તો બહાર ઊહાપોહ પણ થાય નહિ અને યોગ્ય માર્ગ નીકળે. હવે તો સરકાર આપણી પોતાની જ રહી એટલે એને માટે જરા ટીકાનું સ્થાન નીકળે તો આપણને દુઃખ થાય પણ જે બાબતો જૈનત્વના હૃદયને સ્પર્શે તેવી હોય તે માટે કોન્ફરન્સ સાથે

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



વિશ્વાસથી કામ લે તો—સમાજ અને સરકાર બંનેનું ધ્યેય સચવાય, આપણે ઇચ્છીશું કે સરકાર હવે પછી જે બાબતો જૈન કોમને લાગુ પડતી હોય તે કોન્ફરન્સને પહેલાં જાણ કરી તેની સલાહ લેશે. સરકારને હું ખાત્રી આપું છું કે આવા સમયે કોન્ફરન્સ કોમવાદની દૃષ્ટિથી નહિ પણ રાષ્ટ્રિય ધ્યેયને ખલેલ ન પડે અને અમારા ધાર્મિક સિદ્ધાંતને પુષ્ટિ આપતાં અનુષ્ઠાનો સચવાય એ દૃષ્ટિથી અમારું મંતવ્ય રજૂ કરશે.

## જૈન વિદ્યાપીઠો.

શ્રમણ સંસ્કૃતિના નાયક ભગવાન મહાવીરે વિશ્વશાંતિ માટે **અહિંસા** અને વિશ્વના ઐક્ય માટે **અનેકાંતવાદ** આ બે અહિંસક સાધનો જગતને સોંપી માનવ સમાજને સાચા કલ્યાણના માર્ગે જવાનું નવું દિશાસૂચન આપ્યું છે. આજે જ્યારે જગતમાં બહુ સૂક્ષ્મતાપૂર્વક પ્રત્યેક વસ્તુની છણાવટ થઇ રહી છે ત્યારે પ્રવૃત્તિ કે વિકાસ કર્યા વગર ખાલી ભૂતકાળના ગુણગાન કરવા માત્રથી આપણા તત્ત્વજ્ઞાન અને સંસ્કૃતિની રક્ષા ન જ થઇ શકે. કોઇ પ્રજા ફક્ત પોતાના ભૂતકાળની શોભાને ઉન્નતિ કે રક્ષણના ઉદ્યમ સિવાય યાદ કરવા માત્રથી આગળ વધી શકી નથી. આજે તો સંસારના દરેક ધર્મોનું પણ કેટલાક વર્ષોથી સ્વતંત્ર દૃષ્ટિએ વિશ્લેષણાત્મક અને તુલનાત્મક અધ્યયન થવા લાગ્યું છે અને તેટલા જ માટે વર્તમાન શતાબ્દિને સંસ્કૃતિના સંક્રાંતિકાવો અથવા ધર્મમંથનકાળ તરીકે એક વિદ્વાને ઓળખાવેલ છે. જૈન ધર્મ આજે ભારતના જૈનેતરોની અને પાશ્ચાત્ય દેશની પ્રજા વચ્ચે માનવંત સ્થાન ધરાવતો હોય તો તે તેના મૂલ્યવાન પ્રાચીન સાહિત્ય અને તેના જીવંત તીર્થોની ભાવનામયતા તથા કળાભંડારથી. બેઉ વારસા જો જૈનો પાસે ન હોત તો ૩૩ કરોડની પ્રજા સમક્ષ આશરે પંદર લાખની જૈન વસ્તી અને જૈન સંસ્કૃતિનો કોઇ ભાવ પણ ન પૂછત. જે વારસાથી જ આપણે ઉજ્વળ છીએ તે વારસો જાળવી રાખવાથી જ આપણે તેની ફરજમાંથી મુક્ત થતા નથી, પરંતુ તે વારસાનો ઉપયોગ આપણે એવી રીતે કરવો જોઇએ કે જેથી તે વારસો જીવંત રહે અને અનેક મનુષ્યોના આકર્ષણ તથા ઉદારતાનું સાધન બને. આ અંગે લગભગ પાંચેક વર્ષ પહેલાં પરાંસલી તીર્થે ભરાયેલ દેશવિરતિ આરાધક સમાજના નવમા અધિવેશનમાં મેં મારા વિચારો રજૂ કર્યા છે. જૈન વિદ્યાપીઠ સ્થાપ્યા સિવાય આ કાર્ય પૂરેપૂરા સંતોષકારક રીતે પાર પાડી શકાય તેમ નથી. આજે પ્રજા જ્યારે અહિંસાની દિશા તરફ વધુ માનની નજરે જોવા શીખી છે ત્યારે જૈન સિદ્ધાંતો સર્વત્ર સ્વીકારાવવાની આ અનન્ય તક છે. જૈન વિદ્યાપીઠ સ્થાપી તેમાં આધુનિક કેળવણી સાથે આપણા જ્ઞાનભંડારોમાં ખાલી સંગ્રહ ખાતર જ એકઠા થતાં પુસ્તકોને બહાર લાવી આપણાં વિદ્યાર્થીને શિક્ષણ આપવાની જરૂર છે. આધુનિક દૃષ્ટિએ અને પશ્ચિમની શાસ્ત્રીય પદ્ધતિથી આ શિક્ષણ અપાય તો નવીન રૂપે આપણું તત્ત્વજ્ઞાન આપણો વિદ્યાર્થી મેળવી શકે અને જગત સમક્ષ તેના સાચા સ્વરૂપમાં રજૂ કરવાને શક્તિશાળી થાય.

જગતને અહિંસાનો બોધ આપવાનો ઇજારો અને ફરજ જૈન સમાજની મુખ્યત્વે હોઇ શકે. દુનીયાના એક ખૂણામાં પણ જ્યાં સુધી હિંસા વર્તી રહી ત્યાં સુધી આપણો

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



આ અહિંસા ધર્મ પરાજિત છે. એક જ એટમબોમથી જાપાનનું હીરોશીમા જેવું મોટી વસ્તીવાળું શહેર તદ્દન સાફ થઈ ગયું તે દિલ કંપાવનારી હકીકત હજી ગઈ કાલની જ વાત જેવી તાજી છે. એકેંદ્રિય, બેઇંદ્રિય જીવ હણાઈ જાય તોય આપણે આલોયણા લેનારની શું એટલી જવાબદારી નથી કે ભગવાન મહાવીરના અહિંસાના મુખ્ય સિદ્ધાંતને આપણે જગતના ખૂણે ખૂણે પહોંચાડવા તનતોડ મહેનત કરીએ કે જેના પરિણામે સામાજિક, રાષ્ટ્રિય, આર્થિક કે જાતીય વિગ્રહના અનેક કારણો સ્વતઃ ઓછા અથવા નાબુદ થઈ જાય અને એને સ્થાને વિશ્વમૈત્રી ભાવનાનો પુનર્જન્મ થાય. ધર્મમંથનકાળમાં જો આપણા ગૌરવવંતા તત્ત્વજ્ઞાન, સંસ્કૃતિ અને સાહિત્યને જગતના વિશાળ ચોકમાં પ્રકાશિત કરવામાં ન આવે તો ભગવાન મહાવીરના એ તત્ત્વજ્ઞાનના વારસદાર આપણા માટે એ બીના બહુ જ ખેદજનક કહેવાય.

આબુ, રાણકપુર, શત્રુંજયગિરિ અને બીજા ગગનચુંબી તીર્થો આપણા પૂર્વજોએ આપણામાં ત્યાગ, શાંતિ અને વિવેક કેળવવાની પ્રેરણા મળે તે હેતુથી આપણને વારસામાં આપેલ છે. બૌદ્ધો કે બ્રાહ્મણોની તીર્થભૂમિઓ માફક આપણે પણ આવા પવિત્ર સ્થળોએ તીર્થધામો સાથે વિદ્યાધામો પણ વસાવીએ જેથી આપણી સંસ્કૃતિ અને ભગવાનના અહિંસા તથા સ્યાદ્વાદના સિદ્ધાંતોને આપણે ખરી રીતે અપનાવતા શીખીએ. આ દિશામાં જો પ્રગતિ સધાય તો ઘર આંગણાના આ મહાન કળામય તીર્થોને તેનું સાચું સ્વરૂપ આપી શ્રમણ સંસ્કૃતિનો ખરો વિકાસ સાધી શકીએ. આનો વિચાર આપણે અત્યારે નહિં કરીએ તો ક્યારે કરીશું ?

## સાધુ સંસ્થા.

આ પવિત્ર સંસ્થાનો જૈન સમાજ અને ધર્મ ઉપર મહાન્ ઉપકાર છે. જૈનધર્મ તેના મૂળ સ્વરૂપમાં અત્યાર સુધી ટકી રહ્યો હોય તો આ પૂજ્ય ત્યાગી વર્ગને જ આભારી છે. રેલ્વે કે વાહનવ્યવહારનો ઉપયોગ આવા દુષમકાળમાં પણ ન કરવાથી નાના ગામડાઓ તથા શહેરોને આપણી સંસ્કૃતિનો ઠીક ઠીક લાભ મળી શકે છે. આ સંસ્થાનું બંધારણ ખૂબ દીર્ઘદષ્ટિ અને ચતુરાઇથી આપણા પૂર્વાચાર્યોએ ઘડેલ હોઇ આ સંસ્થા ઠીક પ્રમાણમાં ટકી રહી છે તેમ કહેવામાં જરાએ અતિશયોક્તિ નથી, છતાં મારું અંગત માનવું છે કે આ પૂજ્ય વર્ગમાં સુશિક્ષિત અને આ કાળની પૂરેપૂરી વ્યવહારિક કેળવણી લીધેલાઓનો તથા સમાજશાસ્ત્ર, માનસશાસ્ત્ર અને સાયન્સનું યોગ્ય શિક્ષણ મેળવ્યું હોય તેવાઓનો પણ જો ઉમેરો થાય તો નવીન પ્રજાને ધર્મના માર્ગે વાળવામાં ખૂબ સરળતા પ્રાપ્ત થઇ શકે. અને આ બુદ્ધિવાદના યુગમાં આપણી નવી પ્રજા ઉપર તેની શ્રદ્ધાને દ્રઢ બનાવી, જ્ઞાન અને ક્રિયાને યોગ્ય રીતે આચરણમાં મુકાવી શકાય અને જૈનેતરોમાં પણ આપણી સંસ્કૃતિ અને તત્ત્વજ્ઞાનને ફેલાવો કરી શકાય.

સાધુ સંસ્થામાં હાલ સંગઠનની ખામી આપણા શ્રાવક વર્ગ માફક જ જોવામાં આવે છે અને આ ખામી હાલ તાત્કાલિક પુરાય તેવાં ચિન્હો પણ દૃષ્ટિગોચર થતાં નથી. જ્યાં

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



સુધી આપણા આ ત્યાગી વર્ગમાં સંગઠન ન હોય ત્યાં સુધી આપણું સંગઠન ગમે તેવું મજબૂત કરવા ઇચ્છીએ તો પણ દષ્ટિરાગના લીધે તેમાં ઢીલાશ આવ્યા વિના રહે નહિં. આપણે આ પૂજ્ય વર્ગને ખૂબ નમ્રપણે વિનંતી કરવા સિવાય આપણાં માટે બીજો માર્ગ નથી. તેમનામાં પ્રવર્તી રહેલા મતભેદો મુખ્ય સિદ્ધાંતોના પણ નથી એટલે ધારે તો આ કાર્ય મુશ્કેલ છતાં અસંભવિત નથી. દેશકાળને આપણે સર્વેએ સમજ્યે જ છૂટકો છે.

## વ્યાપાર.

એક વખત આખા દેશના વ્યાપારમાં મોટો હિસ્સો જૈનોનો હતો. કાળના જોરે દિન-પ્રતિદિન આપણા હાથમાંથી વ્યાપાર સરી પડવા માંડ્યો છે અને આજે તો પ્રજાનું રાજ્ય છતાં આખા દેશની વ્યાપારની સ્થિતિ ખૂબ નિરાશાજનક થવા પામી છે. આના કારણો તપાસવા માટે બહુ ઊંડા ઉતરવાની જરૂર છે, જે માટે આ સ્થાન યોગ્ય નથી. છતાં, એટલું તો આપણે જાણવું જોઇએ કે દેશ એક મહાન ક્રાંતિમાંથી પસાર થતો હોઈ એના આંચકા ધાર્મિક, સામાજિક કે આર્થિક બાબતોને લાગ્યા વિના રહી જ ન શકે. આજે આખા જગતમાં મજૂરવાદને ઊંચે લાવવા પ્રયત્નો થઇ રહ્યા છે એટલે તેની અસર આપણા દેશને પણ થયા વિના ન રહે, છતાં મને લાગે છે કે જગતના દરેક દેશના વિચારો અને નિયમો એક બીજાને એક સરખા લાગુ પડી શકે નહીં. મૂડીવાદ અને મજૂર વચ્ચે જે મોટી ખેંચતાણ આપણે ત્યાં હાલ ચાલી રહી છે તેની જો અમુક મર્યાદા નહિં બંધાય તો હજી પણ દેશને મોટી આર્થિક બિમારીમાંથી પસાર થવું પડશે. આપણા વ્યાપારી વર્ગે એક સિદ્ધાંત હવે હંમેશને માટે ભૂલવા જેવો નથી કે 'મોટા નફે થોડા વ્યાપારને કરતાં થોડા નફે મોટો વ્યાપાર' એ સૂત્રને હંમેશને માટે આપણે અપનાવ્યે જ છૂટકો છે. આવી ટેવથી વ્યાપાર એ વ્યક્તિગતનું નહિં પણ સમગ્ર રાષ્ટ્રનું તેમાં હિત છે તેમ સમજીને પોતાનો વેપાર ખેડવાનો છે.

આપણાં દેશને વ્યાપારમાં વિકાસનું હજી મોટું ક્ષેત્ર છે. આપણા દેશની વિશાળતા અને મોટી વસ્તી જોતાં ઉદ્યોગમાં હજી આપણે પ્રાથમિક સ્થિતિમાં છીએ એટલે નવી પ્રજાને ઔદ્યોગિક શિક્ષણ આપવા પાછળ જ વધુ દૃષ્ટિ કેન્દ્રિત કરવાની જરૂર છે. ઔદ્યોગિક માનસ ધરાવનાર વ્યક્તિને જ આ નવા યુગમાં સ્થાન મળે તેમ છે અને આપણે તો સાહસિક અને દીર્ઘદૃષ્ટિથી વેપાર ખેડનારા રહ્યા એટલે આપણી પ્રજાને ઔદ્યોગિક શિક્ષણ અપાય તો તેઓ પોતાનું યોગ્ય સ્થાન લઇ શકે તેમ છે.

## આપણો મધ્યમ વર્ગ.

મધ્યમ વર્ગની સ્થિતિ અસહ્ય મોંઘવારીને લીધે ન કલ્પી શકાય તેવી ભયાનક થઇ પડી છે. આપણા સમાજના સંસ્કારના આ પ્રતિનિધિરૂપ ગણાતા સૌથી બુદ્ધિશાળી અને મહત્ત્વના આ વર્ગ ઉપર આર્થિક બોજો અસહ્ય છે, એમનું જીવનધોરણ ખૂબ નીચે પડ્યું છે, એમની શારીરિક શક્તિ ઘટતી જાય છે, એમના મોટા ભાગની બચત વપરાઇ ગઇ છે અને તાત્કાલિક જરૂરીયાતોને પૂરી પાડવા માટે કુટુંબ તથા વૃદ્ધાવસ્થા અંગે કરેલી જોગવાઇમાં

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



એમને મેટો કાપ મૂકવો પડે છે. ટૂંકમાં સમાજ અને દેશના કરોડરજ્જુ જેવા આ મધ્યમ વર્ગની સ્થિતિ ન કલ્પી શકાય એટલી હૃદયદ્રાવક છે. ફક્ત જૈન કોમમાં જ નહિં પણ આખા દેશમાં મધ્યમ વર્ગની આ સ્થિતિ પ્રવર્તી રહી છે એટલે એને ગમે તેટલા થાગડ-થીંગડ કરવામાં આવે તો પણ સ્થિતિમાં ફરક પડવો એકાએક અસંભવિત છે. આના માટે એક જ રસ્તો છે કે સરકાર જીવનની જરૂરીઆતની વસ્તુઓમાં ત્રીસથી ચાલીસ ટકા ભાવ ઘટાડી શકે તો જ આ વર્ગ છુટકારાનો દમ ખેંચી શકે; પણ આવા ક્રાંતિકાળમાં એકાએક બધું સુધરી જવું પણ બહુ સહેલું નથી.

આજે તો મજૂર વર્ગના કુટુંબનો દરેક સભ્ય રોજી કમાઇ શકે છે, જ્યારે આપણે ત્યાં તો કુટુંબમાં એક કમાનારને પાંચ દશ સભ્યોનો બોજો ઉપાડવાનો હોય છે. અત્યાર સુધી આ પ્રણાલિકા ગમે તે કારણોસર ચાલી હોય પણ આમાં હવે ફેરફાર થયા વિના છૂટકો નથી. આખો યુગ એવો પલટો લે છે કે નિરૂદ્યમી અને અશિક્ષિત એ બે વર્ગને માટે કાઇ જગ્યાએ હવે જીવવાનું સ્થાન નહિ રહે.

કુટુંબના મુખ્ય સભ્યોનો બોજો હળવો કરવા બાકીના સભ્યો ઘરની આવકમાં કઇ રીતે ઉમેરો કરી શકે તેવી પુખ્ત વિચારણા કરીને જેમ બને તેમ સહેલાઇથી તેને અમલમાં જે રીતે લાવી શકાય તેવી યોજના કરવાની જરૂર છે. આપને આશા આપું છું કે આપણી મહાસભા આ રચનાત્મક કાર્ય હાથ ધરશે. આવી યોજનામાં આપ સર્વનો સંપૂર્ણ સહકાર જોઇએ. બીજા શુભ કાર્યોમાં કરકસર કરી દાનનો પ્રવાહ આવી યોજના તરફ વહેતો કરવામાં આવે તો જ આવું કાર્ય પાર પાડી શકાય. એંસીથી વધુ ટકા ભાગ આ મધ્યમ વર્ગમાં આવી જાય છે. આવા મોટા વર્ગનો વિચાર જો આપણે અત્યારથી ન કરીએ તો સમાજની સર્વ સાર્વજનિક, ધાર્મિક કે વ્યવહારિક સંસ્થાઓની સંભાળ ભવિષ્યમાં કોઇ લઇ શકશે ? શાસનની ખરી જવાબદારી હંમેશા સમાજના આ મોટા વર્ગ ઉપર જ અવલંબે છે તેને વધુ નીચે પડતો અટકાવવા આપણે ભોગ આપે જ છૂટકો છે. હું આશા રાખું છું કે દરેક શકિતશાળી આ બાબતમાં સહકાર આપશે.

## ત્રણે ફિરકા.

આપણા ત્રણે ફિરકાના ભ્રાતૃભાવમાં દેશકાળની અસર ઠીક થતી જાની છે. સદ્ભાગ્યે ત્રણે ફિરકાના કોન્ફરન્સના આગેવાનો ખૂબ ઉદાર વિચારના હોઇ પાસે આવવાનો ઠીક પ્રયત્ન કરે છે, જો બાબતોમાં સાથે રહી કામ થાય તો સંગઠન મજબૂત બને અને તેના પરિણામે જૈન ધર્મની છાપ બીજી પ્રજા ઉપર અસરકારક પડી શકે. આ સંગઠન ખૂબ મજબૂત બને તેવા વધુ પ્રયાસો કોન્ફરન્સદ્વારા થવાની જરૂર છે.

હવે હું મારા વક્તવ્યને લંબાવી આપનો વધુ સમય લેવા નથી ઇચ્છતો. આપણી મહાસભા પચાસ વર્ષની થવા છતાં આપણે તેને નવી પ્રેરણા અને નવા બળથી ઊભી કરવાની છે. એટલે જ્યારે ભવિષ્યમાં આપણે આ પ્રમાણે ફરીથી એકત્રિત થઇશું ત્યારે વધુ પ્રમાણમાં વિચારણા કરી શકીશું. હાલ તો મારે એટલું જ કહેવાનું છે કે આપણી મહાસભા એક

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



જીવંત, પ્રાણવાન, નિયમબદ્ધ, સંગઠિત, એકત્ર, જાજવલ્યમાન સંસ્થા સર્વથા કઇ રીતે બની રહે તે આપણે જોવાનું છે. દરેક જુદો મત ધરાવતો વર્ગ આ મહાસભાની છત્રછાયા હેઠળ એકસંપીથી રહે, સમાજ અને દેશના ઉત્કર્ષના વિચારો યોજી તેને અમલમાં મૂકે, જૂના અને નવા વિચારના સમૂહો ધીરજ, સહનશક્તિ અને એક બીજા પ્રત્યે પૂર્ણ વિશ્વાસ તથા ઉદારતાથી જુવે–આટલું થાય તો મારી ખાત્રી છે કે આપણી મહાસભા સમગ્ર જૈન સમાજ અને દેશની યોગ્ય સેવા કરી શકશે. આ બધું આપ સર્વના હાથમાં છે. આપણા સર્વનો જ એક નાનો અંગત દાખલો લો. તમારા નાનકડા જેવા રાજ્ય ગણાતા તમારા ઘરનાં જ કુટુંબમાં જુદા જુદા વિચારો ધરાવનારાં સભ્યો છતાં કેવો તોડ કાઢી ઘરનું સામ્રાજ્ય નભાવો છો? તમારો પાડોશી પણ રખે ન જાણી જાય તે માટે કેટલી ગંભીરતા, સહનશકિત અને ધીરજ રાખો છો? તો પછી આખા શાસનનો સવાલ જ્યારે ઉપસ્થિત થાય ત્યારે તમારી અંગત જવાબદારી માફક તેનો તોડ ન લાવી શકો?

મૈત્રી, પ્રમોદ, માધ્યસ્થ ને કરુણા એ ચાર ભાવનાઓની મર્યાદામાં રહીને આપણું જીવન જીવવાનો આપણને આદેશ છે. એ આદેશનું ઉલ્લંઘન આપણાથી થાય નહિં. જૈન ધર્મમાં મતભેદને સ્થાન નથી, એમાં અપેક્ષા સમજવાની સ્યાદ્વાદ શૈલી છે. એ ધર્મના અનુયાયીઓ સાથે બેસી ન શકે તો અહિંસા ધર્મ લાજે; આપણે તોડજોડ રસ્તાના જાણકાર રહ્યા. આપણા અહિંસા ધર્મના પ્રચાર માટે, આપણી શ્રમણ સંસ્કૃતિની જાળવણી માટે, આપણી નાની સંખ્યા અને મોટી જવાબદારી જોતાં આપણે એકતાની ભાવનાને ખીલવીએ–જરા બુદ્ધિ-ડહાપણથી કામ લઇએ. દરેક યુવક કે રૂઢીચુસ્ત કોઇ વર્ગને જુદી રીતે આ સ્થાનેથી કંઇ કહેવા નથી ઇચ્છતો. બંને વર્ગના હૃદયમાં ધર્મની ધગશ હું એક સરખી જોઇ રહ્યો છું. જુદીજુદી અપેક્ષાએ બંને વર્ગને ધર્મ પ્રાણવાન રહે તે જ જોવાની ઇચ્છા છે. આ સંસ્થા તમારા સર્વની છે. તમારા દરેકનું ધ્યેય આ સંસ્થા પાર પાડી શકે તેવી તેની વ્યાપકતા છે. જરા વ્યાપકતા અને સાદી સમજ વાપરશું તો રસ્તો તદ્દન સરળ થઇ જશે. શાસનદેવ આપણા સર્વને સીધા માર્ગે વાળે.

---

# પધારો, આપણા ઉત્કર્ષનો વિચાર કરીએ

[ શ્રી ફાલનાખાતે મળેલ કોન્ફરન્સના સ્વાગતાધ્યક્ષનું ભાષણ ]

**વીર પ્રભુના વારસદાર સ્વધર્મી બંધુઓ અને બ્હેનો.**

અતિશય અગવડ અને કંટાળાભર્યા લાંબા પ્રવાસ ખેડી ભારતવર્ષના ભિન્ન ભિન્ન ભાગોમાંથી સ્વધર્મ સેવા, સંગઠન, સમાજ ઉન્નતિ અર્થે અત્રે પધારેલા આપ સૌનું સહૃદય સ્વાગત કરતાં ઘણો જ આનંદ થાય છે. ૭૬ વર્ષના મ્હારા જીવનને હું સફળ ગણું છું. શ્રી શાસનદેવે અમારી અર્જ સાંભળી આ અણમોલ પ્રસંગ આણ્યો અને વર્ષોની હમારી કોન્ફરન્સ દેવીને અમારા આંગણે પધરાવવાની તમન્ના પૂર્ણ કરી તેથી ગૌરવ અનુભવું છું. હું જાણું છું કે અલ્પસાધનવાળો, ઠંડીથી છવાયેલો આ પ્રદેશ આપને સુયોગ્ય સાધનો પૂરા નહિ પાડી શકે. હમારે મન તો સ્વર્ગના દેવો આજે હમારી મારવાડ ભૂમિપટે ઉતર્યા છે,

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



મુંબઈની મહેલાતો, દક્ષિણના મનોરમ ઉદ્યાનો, ગુજરાતની રસાળતા, સૌરાષ્ટ્રના રસાળ વહેણ અત્રે નથી. એટલે આપની સરભરામાં પદેપદે ક્ષતિઓ સંભવે છે, છતાં આપ તે ઉદારતાપૂર્વક નભાવી લેશો એવી મ્હને આશા છે.

## મરુપ્રદેશ

અમારી મરુભૂમિ તો અનુપમ શૌર્ય, સ્વાર્પણ, અડગ ટેક અને પરિશ્રમશીલ જીવનથી અંકાયેલી છે. અદ્‌ભુત મંદિરાવલી, ગગનચૂંબી ગિરિવરો આ ભૂમિને શોભાવે છે. અહીં સમર્થ, જ્ઞાની, ક્રિયાપાત્ર અવધૂત યોગીઓનાં ૐ અર્હંમના ગુંજારવ હજુ ગુંજે છે. જ્ઞાનભંડારોના અમૂલ્ય ખજાના અહિં જ સંગ્રહેલા અને રક્ષાયેલા ભર્યા પડ્યા છે. રાષ્ટ્ર રક્ષણાર્થે સમર્પાઈ ગયેલા ભામાશા જેવા અનેક જૈનવીરો, મહામંત્રીઓ, મુત્સદીઓની અમર યશગાથાઓ હજી વિસરાઈ નથી. આપણા વિમલમંત્રી-વસ્તુપાલ-તેજપાલ જેવા સમરવિજેતા મહામંત્રીશ્વરોએ પોતાના નામો મૂલ્યવાન શિલ્પવડે મંદિરો સર્જી, અમર અહિં જ કર્યા છે. કેસરીસિંહ સમાન સમરવિજેતાઓ આ જ મરુભૂમિએ પ્રકટાવ્યા છે, આપણી મહામૂલી કોન્ફરન્સના આદિ જનકસમા જૈન વીર સેવાભાવી વિદ્વાન્ શ્રી ગુલાબચંદજી ઢઢ્ઢા આદિ આ જ ભૂમિના સંતાન છે. એવી મરુદેશના ધીંગી ધરતી પર, અમારી સ્વાગત સમિતિ તરફથી-સમસ્ત ગોલવાડ પ્રદેશના સંઘ તરફથી આપ સૌનું સ્વાગત કરું છું અને ત્રુટીઓ માટે ક્ષમા પ્રાર્થું છું. અતિ પરિશ્રમ લઇ હમારા ગોડવાડ પ્રદેશને નંદનવન બનાવનાર, વિદ્યા અમૃતસંજીવનીદ્વારા અમારી ભાવી પેઢીને સંસ્કાર અને સંસ્કૃતિના પાન કરાવવા શાંતિનિકેતન જેવી જ્ઞાનની પરબો જેવી વિદ્યાલયો રચનાર અમારા પરમ ઉપકારીં આચાર્યદેવો શ્રી **વિજયવલ્લભસૂરિજી** તથા **વિજયલલિતસૂરિજી** પણ કોન્ફરન્સ અત્રે ભરાય છે તેમાં પરમ પ્રેરક બળો છે.



**શેઠ મૂળચંદજી સજમલજી**
સ્વાગતાધ્યક્ષ શ્રી જૈન શ્વે. કોન્ફરન્સ-ફાલના
[ બ્લોક "જૈન" પત્રના સૌજન્યથી ]

શ્રી વરકાણાજી વિદ્યાલય અને ઉમેદપુર વિદ્યાલય ( જે હાલ ફાલનાખાતે રેલસંકટના કારણે ચાલે છે ) તથા અન્ય છાત્રાલયો-એ અમારા પરમ ધન છે. અને એ સૂરિજીઓના ઉપદેશ પ્રેરણા અને પ્રયત્નોના જ સુફળો છે.

અહિં વિદ્યાર્થીઓને જૈન ધર્મના સુંદર સંસ્કાર, ધર્મ, નીતિ, સદાચાર, વિચાર અને જૈન સંસ્કૃતિના સંરક્ષણની ભાવના જાગૃત કરવામાં આવે છે. આ જ વિદ્યાલયો અમારી ભાવી પેઢીના સાચા જૈન વીરો-વારસદારો પ્રકટાવશે.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



## સાચી કેળવણી

આધુનિક કેળવણી સાથે આપણા વિદ્યાર્થીમાં ધર્મરુચિ વધે અને સ્વપરનું ભાન થાય અને આત્માની અનંત શક્તિ સમજાય, આ જીવનનો ઉદ્દેશ સમજાય, આ સંસારી માયા સફળ કરવાના સાચા માર્ગો સાંપડે, આ બુદ્ધિવાદના યુગમાં પોતાની શ્રદ્ધાને દઢ બનાવી જ્ઞાન અને ક્રિયાને યોગ્ય રીતે આચરણમાં મૂકતો જાય તથા આખા જગતને અહિંસા અને સ્યાદ્વાદના માર્ગે વાળવા જેવો સમર્થ અને પ્રભાવશાળી બને તે કરવા કટિબદ્ધ થવું એ આજનો જરૂરી પ્રશ્ન છે. આપણી સંસ્કૃતિ અને તત્ત્વજ્ઞાનનો વારસો આપણે આ વિદ્યાર્થીઓને જ સોંપવાનો હોઈ તેના પ્રત્યે અત્યંત પ્રેમ અને સહાનુભૂતિ બતાવવા જોઈએ.

## ભૌગોલિક દૃષ્ટિએ ફાલના

ફાલના એ ગોડવાડનો એક ભાગ છે. ગોડવાડ મારવાડનો કિલ્લો છે. શ્રી રાણકપુરજી, શ્રી વરકાણાજી, નાડોલ, નાડલાઈ, આબુજી, મુછાળા મહાવીરજી, કુંભારીઆજી આદિ અનેક મહાતીર્થો પોતાની નભલહેરાતી ધ્વજાઓ દ્વારા જગતને પ્રભુ વીરનો પેગામ આપી રહ્યા છે. ગોડવાડમાં જૈન સમુદાય મોટો છે. ભારતવર્ષનો કોઈ પણ પ્રદેશ ગોડવાડના જૈન સિવાયનો ન હશે. દેશાટન અને વ્યાપાર વ્યવસાયો છે. ફાલનાથી પથરાતી પાકી સડક રાની, જોધપુર, જયપુર આદિ નગરોને સાંકળી લે છે. સંવત ૧૯૭૬ સાદડી કોન્ફરન્સના સ્વાગત પ્રમુખ મારા વડીલ બંધુ શેઠ નથમલજી અને વરકાણા વિદ્યાલય સ્થાપવામાં ખૂબ પરિશ્રમ ઉઠાવનાર શેઠ જસરાજજી સિંધી આજે સ્મરણ પર આવે છે. તેઓ આ દિવસ જોવા આતુર હતા અને હું પણ આ દિવસ જોવા આતુર હતો. આજે અમારો મનોરથ પૂર્ણ થાય છે.

## વિચારવાના પ્રશ્નો

આ પરિષદમાં આપણા સમાજના ઉત્કર્ષ અર્થે અનેક પ્રશ્નો છણાશે પણ મારી દૃષ્ટિએ થોડા જ મહત્ત્વના પ્રશ્નો રજૂ કરું.

### પાઠ્ય પુસ્તકો

આપણા બાળકો આવતી કાલના જૈન સંઘના પાયારૂપ થશે. જૈન શાળાઓ બાલક, બાલિકાઓ, યુવાનો, યુવતીઓ માટે અસ્તિત્વમાં છે જ. કોન્ફરન્સના મહાપ્રયાસે, શ્રી જૈન શ્વે. એજ્યુકેશન બોર્ડના પરિશ્રમથી આ પાઠશાળાઓ જીવંત બની છે. સારા એવા જૈન ધર્મના પાયા સમાન ધાર્મિક અભ્યાસ માટે પાઠ્ય પુસ્તકોનું શું? કોન્ફરન્સ હવે તો પાઠ્ય પુસ્તકો તૈયાર કરાવે અને પાઠશાળાઓને પૂરા પાડે તો પ્રગતિ વેગવંત બનશે અને આ વિજ્ઞાનના લગભગ ધર્મ પ્રતિ અરુચિ ઉત્પન્ન કરતા જમાનામાં સાચા જૈનો બનાવે, બનેલાને ટકાવે, ત્યાગી વર્ગને તથા ગૃહસ્થને શોભાવે એવા ભાવી જૈનોનો પ્રવાહ અસ્ખલિત વહેતો રાખવા આ મહાપ્રયાસો સત્વર આદરણીય છે. તદુપરાંત શિક્ષણ સંસ્થાઓના સંગઠન માટે એજ્યુકેશન બોર્ડે વ્યવસ્થિત પ્રયાસો કરવાની જરૂર છે. કોન્ફરન્સ અને વિદ્વાન પૂજ્ય આચાર્યપ્રવરો આ કામ સત્વર ઉપાડી લ્યે એવી વિનંતિ છે.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



## ઐક્ય.

છેલ્લાં કેટલાય વર્ષોથી આપણે સૌ ઐક્યના માટે ખૂબ પ્રયત્ન સેવીએ છીએ. શ્રીમતી કૉન્ફરન્સ અને શેઠ આણંદજી કલ્યાણજીની પેઢી પણ આ માટે પ્રયત્નશીલ છે. જૈન સમાજ પક્ષોમાં વહેંચાઇ ગયો છે. દરેકના પોતાના અંગત વિચારોને લીધે જૈન સંઘ નિર્નાયક બન્યો એમ લાગે છે. સાધુ સંમેલનના ઠરાવો પૂર્ણરૂપે પળાતા નથી. આ નાવ કયાં જશે? આપણાં જ ઘરમાં સંપ-શાંતિ ન હોય તો વિશાળ દિલથી દિગંબર, સ્થાનકવાસી ભાઇઓ સાથે સો વીરધ્વજા નીચે એક થઇ કેમ ઉભવાના ?

## ધર્મ પર અંકુશો.

જીવન મરણના મહાપ્રશ્નો ઉકેલ માગી રહ્યાં છે. આપણા જૈન ધર્મ પર સરકારી અંકુશો-કાયદાઓની તલવારો લટકી રહી છે. ભિક્ષાનો કાયદો, જૈન ધર્માદા ટ્રસ્ટો હસ્તગત કરવાનો કાયદો, જૈન ધાર્મિક અગત્યના દિવસોની રજાઓનો લોપ, આદિ અનેક બાબતોના શંખ ફુંકાઈ રહ્યાં છે. એવા વખતે આપણામાંનાં જૂદા જૂદા વર્ગો અને સમસ્ત સંઘ કયાં ઊભો હશે ? મનના શલ્ય, ઘરના કજીયાં અને પક્ષાપક્ષી ત્યજી પ્રભુ વીરનો ધર્મ, વીરના સાધુ-વીરના શ્રાવકો, વીરના નામે જાગી-એક બની પરમ પુરુષાર્થ કરવા સમસ્ત ભારતવર્ષીય શ્રી સંઘને હું વિનંતિ કરું છું.

## યુવાનો-વ્યાપારીઓ

યુવાનો-વિદ્વાન વ્યાપારીઓ એ સમાજોત્થાન કરનારા આપણા મહાબળ ગણાય. જૈનધર્મનું સાચું અને પૂર્ણ શિક્ષણ પામેલો નીતિવાન, ગંભીર, આત્મશક્તિમાં માનનાર, સ્વધર્મ-રક્ષાર્થે સમર્પવાની ભાવનાવાળો અને આવતી કાલનો એ સંઘપતિ છે, એ ભાવવાળો જૈન યુવક એ આપણા જૈન સમાજની દોલત છે. એની સેવાની ધગશ, સમર્પવાની તમન્ના અને કરી છૂટવાની તાલાવેલી આપણને ખૂબ આત્મવિશ્વાસ આપે છે. એમાંથી જ અમારા ગાંધી, જવાહર, રાજાજી, વલ્લભભાઇ પ્રગટવાના છે ને! એક ગુલાબચંદ ઢઢ્ઢા આજે આ કૉન્ફરન્સને આ દરજ્જે લાવવા નિમિત્ત બને તો અનેક ઢઢ્ઢાઓ પ્રગટાવનાર જૈન સમાજ કાં નિરાશ બને ? યુવાનોને દોરવામાં નેતાઓ અને પ્રખર જ્ઞાની મુનિ-મહારાજાઓ જો કટિબદ્ધ બને તો કાંઇ જ અશકય નથી.

## વિદ્વાનો

સાચા વિદ્વાનો વિના કોઇ જ સમાજ, સંઘ કે સંસ્થા પ્રગતિ સાધી ન શકે. વિદ્વાનો તો આપણાં મોંઘામૂલા રત્નો છે. સદ્ધર્મના ઉત્થાન અર્થે, પ્રચાર અર્થે, નૂતન સાહિત્યના પ્રાકટ્ય અર્થે, વીરના ગુણ ગુંજવા અર્થે એ તો એક આદર્શ માનવ છે. શું આપણા સમાજે એ વર્ગ તરફ આજ દીન સુધી ઉપેક્ષા સેવી નથી ? પૂર્વાચાર્યોએ લખેલા લક્ષાવધિ શ્લોકો, ગ્રંથો, ગૃહસ્થ વિદ્વાનોનું વિપુલ સાહિત્ય આજના ઉપેક્ષા ભાવવાળા યુગમાં સંભવે છે ? જેસલમીરના વિપુલ જ્ઞાનસમૃદ્ધિથી છલકાતા જ્ઞાનભંડારો પ્રત્યે આપણી ઉપેક્ષા વૃત્તિનું પરિણામ કોણ નથી જાણતું ? વિચારો તો ખરા કે વિના કદરે આપણે કેટલા વિદ્વાનો

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



ગુમાવ્યા અને આજ એક મોહનલાલ દલીચંદ દેસાઈ પ્રગટાવી શકાશે? આપણા અનેક વિદ્વાનોનો અન્ય દર્શનીયો લાભ ઉઠાવી રહેલા નથી દેખાતા? શ્રીમંતો અને આપણી સંસ્થાઓ પોતાનું તે પ્રતિનું કર્તવ્ય સમજે. વિદ્વાનો, પંડિતો, કવિઓ, સાહિત્યસ્વામીઓ આજીવિકા અર્થે અન્ય વ્યવસાયો કરે ને સમાજસેવા ન કરી શકે તો તો સમાજની લક્ષ્મી–ઉત્કર્ષ અને ધર્મપ્રચારની આશા રિસાઇ જાય. શ્રીમંતો લક્ષ્મી આપે, કોન્ફરન્સ વ્યવસ્થા કરે, પૂજ્ય આચાર્યપ્રવરો દોરવણી આપે–આમ કરી એક મધ્યસ્થ સમિતિ રચાય તેના માટે પ્રબંધ કરવા મારું નમ્ર સૂચન છે.

## સંઘવ્યવસ્થા.

સંઘવ્યવસ્થા જૈનોની જ વખણાતી. મુશ્કેલીમાં એ જ સંઘે વ્યવસ્થાને પ્રગટાવેલ. મુકુટબંધ રાજવીઓ પણ એને અપમાની ન શકતા "વગર વાણીએ રાજ રાવણનું ચાલ્યું ગયું." આજ આપણી વણિક જૈન કોમ સંઘવ્યવસ્થામાં કેટલી શિથિલ બની છે? કુશળ સુકાનીઓના અભાવે અનૈક્યે એ વ્યવસ્થા ઘણી સાલે છે. ઐક્યતાની મઘમઘતી પુષ્પમાળા રચવી હશે તો સંઘવ્યવસ્થા મક્કમ હાથે રચવી–રાખવી–સાચવવી પડશે. ઐક્યના સૂત્રે–અનુભવી વિચારોના પરિપાકના પુષ્પે–કડકાઈની સોયથી અને સ્વાર્પણની કળાથી ગુંથાએલી ઐક્ય પુષ્પમાળા જ ગુંથવાનું અમારા સમાજના સૂત્રધારોને વિનવ્યા વિના રહી શકતો નથી; કારણ એ વિના આજના અને આવતી કાલના વિજ્ઞાનના–સત્તાના જડવાદના અને સ્વાર્થ સાધવાના યુગમાં આપણે, આપણા તીર્થો, દેવ અને દેવદ્રવ્ય, મુનિવરો અને જૈનત્વ ભયમાં મુકશે. અરે! જૈન છું એમ બોલવું એ ગુન્હો ગણાય એ યુગમાં ઐક્યની આવશ્યકતા જૈન કોમ જેવી શાણી કોમને કહેવા માટે હોય?

દેવદ્રવ્ય, સાધારણ દ્રવ્ય, જૈન એન્ક ને જૈન કોલેજ, એક વિશાળ જૈન ગ્રંથાલય (જ્યાં સાધુ, સાધ્વી, જૈન યુવાનો અને વૃદ્ધો અભ્યાસમાં પ્રગતિ સાધી શકે) વસ્તીગણત્રી, સ્ત્રી કેળવણી, વ્યાપાર ઉદ્યોગ અને સમાજસુધારા જેવા અનેક વિકટ પ્રશ્નો તો આપણે ચર્ચતાં ને છણતાં આવ્યા છીએ, તે માટે અમલી કાર્ય કરવાની જરૂર ઉપસ્થિત થઇ છે.

આજના જીવનમરણના પ્રસંગ જેવા અતિ વિકટ સમયે આપણે થોડા પણ મુદ્દાસરના પ્રશ્નો ઉકેલીએ તોય ઘણું કાર્ય કર્યું ગણાશે કે જેનો અમલ થઈ ફલદાતા બને. આપણે તો વિશાળ દૃષ્ટિ વિકસાવવી પડશે કે જ્યારે જૈન ધર્મના ત્રણે ફીરકા શ્વેતામ્બર, દિગંબર અને સ્થાનકવાસી બંધુઓ ખભેખભા મિલાવી એક જ પ્લેટફોર્મ પર જૈન ધર્મના ઉત્કર્ષ અર્થે ઝુઝતા હોય. જૈનં જયતિ શાસનંના ઘોષ ગજવાતા હોય.

હવે હું આપને આપણા સજ્જનશિરોમણી માનનીય એવા પ્રમુખ **શ્રી કાંતિલાલ ઇશ્વરલાલ** માટે થોડું કહું. તેઓશ્રીની ધર્મ–આચાર–ક્રિયા અને જ્ઞાનની અભિરુચિ પ્રશંસનીય છે. શ્રી શકુંતલા જૈન હાઇસ્કૂલ એ તેમની કેળવણીપ્રિયતાને પુરાવો છે. ઉત્તમ ચારિત્ર એ તેમનો યશ સૌરભનો ગુલાબ છે. ગુપ્તદાન એ મુદ્રાલેખ છે. વરકાણાજી વિદ્યાલય

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



તથા અન્ય અનેક શુભ કાર્યોના તેઓ પુરક છે. તેમના પરિચયમાં આવનાર જાણે છે કે હરકોઇને સહાયક થઇ પડવા પોતે હમેશ તત્પર રહે છે. ઊંડું તત્ત્વચિંતન-નૂતન જ્ઞાનપ્રાપ્તિ સાથે જ નિયમિત પ્રભુપૂજન અને મુનિવરો પ્રતિ અગાધ ભક્તિ એ સૌ એમને સાચા જૈન તરીકે પીછાનવા પ્રેરે છે. આપણી ૧૬ મી કોન્ફરન્સના સ્વાગત પ્રમુખ તરીકેના તેમના ભાષણમાં સેવાની ધગશ અને સ્વાર્પણની તત્પરતાએ તેમને સમસ્ત ભારતવર્ષના મુગટમણી સ્થાને આજે સ્થાપ્યા છે. તેઓશ્રી આપણને ઉત્કૃષ્ટ માર્ગદર્શન આપે એવું અનંત આત્મબળ શાસનદેવ તેમને આપે. કોન્ફરન્સ વિજયવંતી બને, અને તેઓ દીર્ઘાયુ થાય.

આંતરરાષ્ટ્રિય ખ્યાતિ પામેલા, ધર્મસંરક્ષક, તીર્થપ્રેમી, મુત્સદ્દી અને યોગ્ય પિતાના સુયોગ્ય પુત્ર આપણા જૈન સમાજના ભૂષણસ્વરૂપ શેઠ કસ્તુરભાઇ લાલભાઇનું આ ભૂમિ સ્વાગત કરે છે, તેઓ પરિષદને સફળ બનાવવામાં અને સરકારી અંકુશોથી સમાજ, ધર્મ, મંદિરો અને દેવદ્રવ્યોને બચાવવામાં સફળ થાય તે માટે શાસનદેવ તેમને દીર્ઘાયુ આપો.

છેવટે આપનો વધુ વખત ન લેતાં આપ સૌનું પુનઃ સ્વાગત કરી આ વક્તવ્ય પૂર્ણ કરું છું. ૐ અર્હમ્ શાંતિઃ

# સત્તરમા અધિવેશનના આદેશો—

(૧) શોક પ્રદર્શન—(૧) પૂજ્ય સાધુ મહારાજાઓ તથા કોન્ફરન્સ તરફ સહાનુભૂતિ ધરાવનાર ગૃહસ્થો જેઓ અવસાન પામ્યા છે તેમને અંગે શોક પ્રદર્શન.

(૨) સ્વતંત્ર લોકતંત્રને આવકાર—આ અધિવેશન ભારતનાં સ્વતંત્ર લોકતંત્રને આવકારે છે. મહાત્મા ગાંધીજીએ અહિંસા અને સત્યના પથે ચાલી ભારતને મુક્તિ અપાવવામાં જે મહાન ભાગ ભજવ્યો છે તેને આ અધિવેશન અંજલી અર્પે છે.

(૩) દેવદ્રવ્ય—દેવદ્રવ્ય નિમિત્તે જે રકમો અગર મિલકતો હોય તેમજ હવે પછી તે માટે આપવામાં આવે તેનો ઉપયોગ માત્ર જિનમૂર્તિ અને જિનમંદિરો માટે જ થઇ શકે તેમ આ કોન્ફરંસ ભારપૂર્વક જાહેર કરે છે અને જૈન સંઘમાંની કોઇપણ વ્યક્તિ આની વિરુદ્ધ મંતવ્ય રજૂ કરે અથવા પ્રચાર કરે તે જૈન ધર્મના મૂળભૂત સિદ્ધાંતોને આઘાત કરનાર છે એમ આ કોન્ફરંસ માને છે.

(૪) ધી બોમ્બે પબ્લિક ટ્રસ્ટ એક્ટ (૧૯૪૯)—અખિલ હિંદ જૈન શ્વેતાંબર કોન્ફરંસ સમિતિની મુંબઇમાં તા. ૮-૯ સપ્ટેમ્બર ૧૯૪૯ ના રોજ મળેલ સભામાં ધી બોમ્બે પબ્લિક ટ્રસ્ટ એક્ટ (૧૯૪૯) સંબંધી થયેલ ઠરાવને શ્રી જૈન શ્વેતાંબર કોન્ફરંસનું આ અધિવેશન બહાલી આપે છે અને આશા રાખે છે કે મુંબઇની ધારાસભાએ નિમેલ સિલેક્ટ કમિટી આ ઠરાવને લક્ષમાં રાખી બિલમાંથી વાંધાભરેલા ભાગ કાઢી નાંખી યોગ્ય સુધારા-વધારા કરી જનતાને સ્વીકાર્ય થાય એ સ્વરૂપમાં ધારાસભામાં બિલ રજૂ કરશે.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



( ૫ ) **જૈન ધર્મ**—આજની અખિલ હિંદ જૈનશ્વેતાંબર કોન્ફરંસ સમિતિની સભા જાહેર કરે છે કે જૈન તેમજ હિંદુઓ આર્ય જાતિના હોઇ જાતિ તરીકે જુદા નથી, પરંતુ હિંદુ ધર્મ વૈદિક છે અને જૈન ધર્મ અવૈદિક છે. વળી હિંદુ ધર્મ બ્રાહ્મણ સંસ્કૃતિને અનુસરે છે જ્યારે જૈન ધર્મ શ્રમણ સંસ્કૃતિને અનુસરે છે. જે બે જુદી સંસ્કૃતિ તરીકે પુરાતત્ત્વવિદોએ મતભેદ વિના સ્વીકારેલી છે, તેથી જૈન અને હિંદુ ધર્મ એક બીજાથી જુદા છે.

( ૬ ) **ભિક્ષા પ્રતિબંધક કાયદો**—જૈન સાધુ સાધ્વીઓના આચારો સુવિદિત છે. તેમને આવા હેરાનગતિભર્યા કાયદામાં મૂકવા એ સર્વથા અનુચિત છે. તેથી આ અધિવેશન મુંબઇ સરકારને આગ્રહપૂર્વક વિનંતિ કરે છે કે The Bombay Beggars Act. 23 ( 1945 ) ( ધી બોમ્બે બેગર્સ એક્ટ ૨૩, ૧૯૪૫ ) ની કલમ ૨( D ) Bમાં યોગ્ય સુધારો કરી ત્યાગી સાધુઓ ખાનગી મકાનોમાં જઇ ભિક્ષા લે તેને Begging–ભીખ માંગવી એ વ્યાખ્યામાં સામેલ કરવામાં ન આવે.

( ૭ ) **મધ્યમ વર્ગને રાહત**—હાલમાં ઉપસ્થિત થયેલી વિષમ પરિસ્થિતિને કારણે જૈન સમાજનો મધ્યમ વર્ગ અને ખાસ કરીને તેના નીચલા થરો ઓછી આવક અને દિનપ્રતિદિન વધતી જતી મોંઘવારીને લઇને અત્યંત મુશ્કેલ સ્થિતિમાં મૂકાયા છે અને તેમને માટે જીવનનિર્વાહ કરવો લગભગ અશક્ય થઇ પડયો છે, તેથી તેમને પગભર કરવા તથા હુન્નર ઉદ્યોગના અનેક ક્ષેત્રોમાં કામે લગાડવા અને તેમની સ્થિતિ સુધારવા તુરત અમલમાં મૂકી શકાય તેવી નીચે દર્શાવેલી યોજનાઓ સૂચવવામાં આવે છે. આ માટે જૈન સમાજને યોગ્ય કરવા અપીલ કરવામાં આવે છે.

( ૧ ) જીવનનિર્વાહની જરૂરી વસ્તુઓ વગેરે ઓછા દર( Subsidised rate )થી પૂરી પાડવા સ્ટોર્સો સ્થળે સ્થળે ખોલવા અને તે માટે જરૂરી ફંડ ઊભું કરી સ્થાનિક સમિતિઓ દ્વારા કામ ઉપાડવું.

( ૨ ) નાના હુન્નર ઉદ્યોગને મદદ કરવા સારી કેપીટલ સાથેના સહકારી મંડળો ઉભા કરવા તેમજ તેવા ઉદ્યોગો શિખવવા જરૂરી શિક્ષણ સંસ્થા સ્થાપવા.

( ૩ ) તેમજ ગૃહઉદ્યોગો શિખવવા તથા ચલાવવા ઉદ્યોગમંદિર ( ઇન્ડસ્ટ્રીયલ હોમ ) સ્થાપવું.

( ૪ ) સ્ત્રી ઉપયોગી ગૃહઉદ્યોગો શિવણ–ભરત–ગુંથણ–ચિત્રકામ આદિનું શિક્ષણ આપનારી સંસ્થા સ્થાપવી.

( ૫ ) તે ઉપરાંત આ કોન્ફરંસ ઇચ્છે છે કે જૈનોના મધ્યમ વર્ગને ધંધા રોજગારમાં સહાય આપવા અને તેમને વ્યાપાર ઉદ્યોગના સાધનની અનુકૂળતા કરી આપવા માટે સહકારી અને અન્ય ધોરણે એક મોટી ઔદ્યોગિક અને નાણાકીય સંસ્થા સ્થાપવી જરૂરી છે. આથી આ અધિવેશન કોન્ફરંસના પ્રમુખશ્રીને ઉપરોક્ત કાર્ય માટે કમિટિ નીમવા અને

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



યોજના ઘડી કાઢવા અધિકાર આપે છે. તેમજ આ યોજનાને શીઘ્રાતિશીઘ્ર મૂર્ત સ્વરૂપ આપવા આગ્રહ કરે છે.

( ૮ ) **ઐકય**—જૈન ધર્મ અને સમાજ ઉપર જુદા જુદા ક્ષેત્રોમાંથી જે આક્રમણો હાલ થઇ રહ્યા છે તેનો પ્રતિકાર કરી જૈનોની સર્વાંગ પ્રગતિ સાધ્ય કરવા કોન્ફરંસ એ જ એકમેવ કાર્યક્ષમ સંસ્થા છે તેને સંપૂર્ણ મજબૂત બનાવવા માટે બધી જાતના પ્રયત્નો કરવાનું આપણું ધ્યેય હોવું જોઇએ. એ ઉપદેશને ધ્યાનમાં રાખી ઐકય માટે વધુ અનુકૂળ વાતાવરણ નિર્માણ કરવું જોઇએ તે માટેના પ્રથમ પગલા તરીકે માલેગામ સમિતિએ પસાર કરેલા અને સૂરત મુકામે મળેલી સ્ટેન્ડિંગ કમિટિએ પાસ કરેલા નીચેના ઠરાવો આ કોન્ફરંસ પસાર કરે છે.

**ઠરાવ. નં. ૧.** જૈન શ્વેતાંબર મૂર્તિપૂજક કોન્ફરંસ સને ૧૯૩૪માં અમદાવાદ મુકામે સાધુ સંમેલને કરેલા દીક્ષા સંબંધી ઠરાવને વધાવી લે છે અને તેણે ( કોન્ફરંસ ) અથવા તેની કોઇ પેટા કમિટિએ કરેલા વડોદરા રાજ્યના દીક્ષા સંબંધીના અને બીજા દીક્ષા સંબંધીના ઠરાવો આથી રદ થાય છે.

**ઠરાવ નં. ૨.** ઐકય સમિતિ જૈન સમાજને ભારપૂર્વક ભલામણ કરે છે કે જૈન શ્વેતાંબર મૂર્તિપૂજક ધર્મના સિદ્ધાન્તો અને પ્રચલિત અનુષ્ઠાનો જે પ્રમાણે માન્ય રખાતા આવ્યા છે તે પ્રમાણે જૈન સંસ્થાઓ તેને માન્ય રાખશે એટલું જ નહિ પણ તેના અધિકારી કે ઓદ્દેદારો તરફથી તેને હિણપત પહોંચે તેવું બોલવા કે લખવામાં આવશે નહીં.

**( ૯ ) ગૌવધ પ્રતિબંધ અને દારૂબંધી માટે સરકારને અભિનંદન.**

**( ૧૦ ) કોન્ફરન્સનું બંધારણ.**

**( ૧૧ ) જૈન ધર્મ સંબંધે આલેખન.**

**( ૧૨ ) રાષ્ટ્ર ભાષા હિંદીને આવકાર.**

**( ૧૩ ) કેસરીયાજીને લગતો.**

**( ૧૪ ) આગામી વસ્તી ગણત્રી.**

( ૧૫ ) **તીર્થો, જિનમંદિરો અંગે સરકારી કાનૂનો**—ભારતવર્ષમાં પથરાયેલા તીર્થો, જિનમંદિરો અને જ્ઞાનભંડારો એ અખિલ જૈન સંઘની માલીકીના હોવાથી તેમજ સ્થાનિક સંસ્થાઓ માત્ર વહિવટી જવાબદારી ધરાવતી હોવાથી એ અંગે ઉપસ્થિત થતાં પ્રશ્નો કે કાનૂનોમાં અખિલ જૈન સંઘનું પ્રતિનિધિત્વ ધરાવતી સંસ્થાઓના અભિપ્રાય મેળવવા જરૂરી છે, એ તરફ કોન્ફરન્સનું આ અધિવેશન સરકારનું લક્ષ ખેંચે છે.

( ૧૬ ) **જૈન સંસ્કૃતિ કેન્દ્ર**—અખિલ ભારતીય જૈન સંસ્કૃતિ કેન્દ્ર નિર્માણ કરી તે દ્વારા શિક્ષણશાસ્ત્ર અને મનોવિજ્ઞાનશાસ્ત્ર પર અવલંબિત જૈન સાહિત્યનાં ધાર્મિક,

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



ઐતિહાસિક, સાંસ્કૃતિક વિશાળ ભાવનાથી ભરેલા પાઠ્ય પુસ્તકોનું સંપાદન કાર્ય થવાની આવશ્યકતા છે, તે માટે પૂજ્ય શ્રમણ સંઘ, જૈન સંસ્થાઓ અને વિદ્વાનો સંપૂર્ણ સહકાર આપે એવી આ અધિવેશનની ભલામણ છે.

**( ૧૭ ) કોન્ફરન્સનું મુખપત્ર**—કોન્ફરંસની પ્રવૃત્તિઓથી જાહેર જૈન જનતા માહિતગાર રહે અને તેનો નિકટ સંપર્ક સાધી શકાય તે હેતુથી એક માસિક પત્રિકા પ્રકટ કરવાની અત્યંત આવશ્યકતા આ અધિવેશન સ્વીકારે છે અને શીઘ્ર પ્રકાશન કરવા આગ્રહ કરે છે.

**( ૧૮ ) સ્થાયી સમિતિને ભલામણ**—આ કોન્ફરન્સ સ્થાયી સમિતિને નીચેની કાર્યવાહી કરવા ભલામણ કરે છે:—

( ૧ ) ત્રણે ફીરકાનું સંગઠન કરવા માટે સંયુક્ત કમિટિ નીમવી.

( ૨ ) પાકીસ્તાનમાં મંદિર, ઉપાશ્રય, સંસ્થાદિના રક્ષણાર્થે ઉપાયો યોજવા.

( ૩ ) મેવાડ-મારવાડ આદિ સ્થળોનાં જિનમંદિરોની પૂજાદિ માટે વ્યવસ્થા કરવા.

( ૪ ) કોન્ફરન્સના ઠરાવો તથા જૈન ધર્મના પ્રચારાર્થે યોગ્ય ઉપાયો યોજવા અને આધુનિક ઢબથી સરળ ભાષામાં સસ્તું સાહિત્ય પ્રગટ કરવા તથા ધાર્મિક પાઠ્યક્રમની શ્રેણી તૈયાર કરાવવા.

( ૫ ) ભારતની વિભૂતિ "હંસમયૂર" નાટકમાં લખાયેલા આક્ષેપ પ્રતિકાર માટે ઉપાયો યોજવા.

( ૬ ) શિક્ષણ સંસ્થાઓનું સંગઠન અને માર્ગદર્શન કરાવવા.

**( ૧૯ ) સમિતિ અને હોદ્દેદારોની નીમણુંકો.**

( अ ) કોન્ફરન્સની અખિલ ભારત જૈન શ્વેતાંબર કોન્ફરન્સ સમિતિની નીમણુંક કરવામાં આવી.

( ब ) શ્રી જૈન શ્વેતાંબર કોન્ફરન્સના ચીફ સેક્રેટરીઓ તરીકે:—
શેઠ ફુલચંદ શામજી–મુંબઈ તથા શેઠ ભાઇચંદ નગીનભાઈ ઝવેરી–મુંબઇની–નીમણુંક કરવામાં આવી છે.

( क ) બંધારણ અનુસાર પ્રાંતિક મંત્રીઓ, સ્થાયી સમિતિ અને કાર્યવાહી સમિતિ તથા અખિલ ભારત જૈન શ્વેતાંબર કોન્ફરન્સ સમિતિમાં જે જે પ્રાંતોના સભ્યોની ચુંટણી ન થઇ હોય તે કરવા કોન્ફરન્સના પ્રમુખશ્રીને સંપૂર્ણ સત્તા આપવામાં આવે છે.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# જ્ઞાનપ્રામાણ્યવાદ

લેખક:-શ્રીયુત્ જીવરાજભાઈ ઓધવજી દોશી.

## Theory of the Validity of Knowledge.

અવગ્રહ, ઈહા, અપાય અને ધારણા—એ સાંવ્યવહારિક પ્રત્યક્ષ જ્ઞાનના ઉપયોગના ચાર અંશો છે; એટલે આ પ્રત્યક્ષ જ્ઞાન ક્રમશઃ વિસ્તૃત થાય છે, તેની આ વિકાસની ક્રમશઃ ભૂમિકા છે. ઘડા જેવો એક કોઇ પણ પદાર્થ દષ્ટિગોચર થતાં પ્રથમ ચક્ષુઇંદ્રિય અને ઘડાનો સંબંધ થાય છે, તે આગળ ચાલતાં આ કાંઇ પદાર્થ છે એવું જ્ઞાન થાય છે, પછી તે પદાર્થ શું છે, ઘટ છે કે પટ છે કે કોઇ બીજી વસ્તુ છે એવી વિચારણા શરૂ થાય છે, તે વિચારણાને અંતે આ ઘટ છે અને પટ નથી એવો નિર્ણય થાય છે, અને તેવો નિર્ણય થયા પછી તે નિર્ણયાત્મક જ્ઞાન મનમાં સંસ્કારરૂપે ધારણ કરવામાં આવે છે, તેને ધારણા કહે છે. આ ધારણા જ્ઞાન સ્મૃતિ વાસના વિગેરેનું કારણ છે. શાસ્ત્રમાં વ્યંજનાવગ્રહને આન્તર્મૌહૂર્તિક બતાવ્યો છે, અર્થાવગ્રહને એક સમયનો બતાવ્યો છે, અપાયને પણ આન્તર્મૌહૂર્તિક બતાવ્યો છે. ધારણાનો સમય પણ અન્તર્મુહૂર્તનો છે. ધારણા થયેલ જ્ઞાન સંખ્યેય અથવા અસંખ્યેય કાળ વાસના સંસ્કારરૂપે રહે છે.

સવાલ એ જોવાનો ઊભો થાય છે કે જ્ઞાનના આ પ્રમાણેના ક્રમશઃ વિકાસથી પ્રાપ્ત થયેલ નિર્ણયાત્મક જ્ઞાન અર્થાત્ અપાયાંશ જ્ઞાન કાયમ પ્રમાણ જ્ઞાન હોય છે કે અયથાર્થ—અપ્રમાણ પણ હોય છે; અને જો કેટલેક પ્રસંગે અપ્રમાણ નીકળે તો તેનાં શા કારણો છે અને જ્ઞાન પ્રમાણ છે કે અપ્રમાણ છે તે નક્કી કરવાના કયા કયા સાધનો છે. છેટેથી જોતાં દૂર રહેલ વસ્તુ આપણને પાણી જેવી જણાય છે, પાસે જઇને વધારે તપાસ કરતાં તે ફક્ત પાણીના ઝાંઝવા જણાય છે. એક વસ્તુ સર્પ જેવી જણાય છે, વધારે બારીકીથી જોતાં તે દોરડું જણાય છે. ધોળો પાઉડર જોતાં તે ધોળી ખાંડ જણાય છે, તેનો ઉપયોગ કરતાં ધોળો પાઉડર—બોરીક જેવો જણાય છે. એટલે ઘણીવાર પ્રથમ દર્શને વસ્તુનો કરેલ નિર્ણય ખોટો ઠરે છે. આનું શું કારણ છે? શું જ્ઞાનના સ્વભાવમાં કાંઇ દોષ છે કે જેથી અયથાર્થ પણ જ્ઞાન થાય છે, અથવા જ્ઞાનનો સ્વભાવ તો યથાર્થ જ્ઞાન આપવાનો જ છે, અને જે અયથાર્થ—અપ્રમાણ જ્ઞાન થાય છે તેનું કારણ જ્ઞાનના સ્વભાવમાં નથી પણ બીજા કારણોથી છે અર્થાત સ્વતઃ નથી, પણ પરતઃ છે.



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



જ્ઞાનની આ વિચારણામાં મુખ્યત્વે ત્રણ સવાલો જોવાના રહે છે:—

(૧) જ્ઞાન (Knowledge); (૨) પ્રમાણ જ્ઞાન (Valid Knowledge), (૩) જ્ઞાનનું પ્રામાણ્ય (Validity of Knowledge).

આપણે આગળ બતાવ્યું છે તે પ્રમાણે જ્ઞાન આત્માનો અસાધારણ ગુણ છે. સ્વપરપ્રકાશક ગુણ છે. જ્ઞાનગુણથી આત્માને પોતાના સ્વરૂપનો-પોતાના પર્યાયોનો બોધ થાય છે, તેમજ પોતાથી વ્યતિરિક્ત પર પદાર્થનો બોધ થાય છે. જ્ઞાન એટલે સ્વ અને પરવસ્તુનો બોધ-સ્વ અને પરવસ્તુનો પ્રકાશ: આત્મા જ્ઞાનસ્વરૂપ છે. સ્વસ્વરૂપથી આત્મા કેવળજ્ઞાનસ્વરૂપ છે. જ્ઞાનમાં જે તરતમતા છે, જ્ઞાન માત્રાઓમાં જે મંદ મંદતા છે તે આત્માના સ્વસ્વરૂપથી નથી, પણ અનાદિકાળથી આત્મા કર્મથી આવરિત છે, જ્ઞાનાવરણીય કર્મોથી બદ્ધ છે તે જ્ઞાનાવરણીય કર્મના મંદ, મંદતર વા મંદતમ આવરણોથી જ્ઞાનની માત્રાઓમાં ભિન્નભિન્નતા જોવામાં આવે છે. શુદ્ધ આત્મજ્ઞાન તો વસ્તુના યથાર્થ-સત્ય સ્વરૂપનો જ બોધ આપે છે. જ્ઞાનની ઉત્પત્તિ સાથે જ જ્ઞાનની યથાર્થતા પ્રકટ થાય છે. તે જ્ઞાનની યથાર્થતા પ્રકટ કરવાને બીજા કોઈ સાધનની જરૂર નથી. બીજા કોઇ પ્રમાણની જરૂર નથી. એટલે તાત્ત્વિક દષ્ટિએ-નિશ્ચયદષ્ટિએ જ્ઞાનની સાથે જ યથાર્થતા, સત્યતા પ્રકટ થાય છે. જ્ઞાન યથાર્થ જ-સત્ય જ હોય છે. અયથાર્થ-ભ્રામક જ્ઞાન હોતું નથી. આ તાત્ત્વિક દષ્ટિની વિચારણા છે. આપણને છદ્મસ્થને જે જ્ઞાન થાય છે, વસ્તુનો જે બોધ થાય છે તેની વિચારણા વ્યવહાર દષ્ટિએ કરવાની રહે છે. શાસ્ત્રમાં જેને સંવ્યવહારિક પ્રત્યક્ષ કહેવામાં આવે છે તે પ્રત્યક્ષ જ્ઞાનમાં કેટલીક વાર યથાર્થતા હોય છે, કેટલીક વાર ભ્રમાત્મક બોધ થાય છે. છેટેથી જોતાં પાણી જેવું જણાય છે, પાસે જતાં પાણીનાં ઝાંઝવા નીકળે છે, પૂરો પ્રકાશ ન પડવાથી સર્પ જણાય છે, તપાસ કરતાં દોરડું નીકળે છે. ધોળો પાઉડર ખાંડ જેવો જણાય છે, વાપરી જોતાં મીઠું નીકળે છે. આપણને જે વસ્તુનો બોધ થાય છે, તેમાં કેટલીક વાર ભૂલ થાય છે. તેના અનેક કારણો છે; ચક્ષુરિંદ્રિયમાં દોષ હોય છે, કમળો થયો હોય તો વસ્તુઓ જૂદા જ રંગની પીળી જણાય છે, જિહ્વા ઈંદ્રિયમાં દોષ હોય તો સ્વાદ જૂદા જ પ્રકારનો આવે છે, શ્રવણેંદ્રિયમાં દોષ હોય તો પૂરું સ્પષ્ટ સંભળાતું નથી. આ અપૂર્ણ અથવા ભૂલભરેલા બોધનું કારણ ઈંદ્રિયના ગુણદોષને લીધે છે. તે પ્રમાણે વસ્તુઓ છેટે પડી હોય તેના ઉપર પૂરતો પ્રકાશ ન પડતો હોય, કાંઈ આડચ આવતી હોય તો પણ તે વસ્તુનો યથાર્થ બોધ થઇ શકતો નથી. આવી વસ્તુસ્થિતિમાં યથાર્થ બોધ-સમ્યગ્જ્ઞાન અથવા પ્રમાણજ્ઞાન ક્યારે કહેવાય તેનો નિર્ણય કરવાનો રહે છે.

પ્રમાણનું લક્ષણ પ્રમાણનયતત્ત્વાલોકમાં નીચે પ્રમાણે આપવામાં આવ્યું છે:—**स्वपरव्यवसायि ज्ञानं प्रमाणम्** (૧-૨) સ્વ એટલે જ્ઞાનસ્વરૂપ આત્મા

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



(Subject) અને પર એટલે જ્ઞાનથી ભિન્ન અર્થ (Object) તે બંનેનું યથાસ્થિત જ્ઞાન તે પ્રમાણજ્ઞાન. સ્વ અને પર જ્ઞાતા અને જ્ઞેયનો નિશ્ચયાત્મક બોધ થાય તે પ્રમાણજ્ઞાન. શ્રી હેમચંદ્રાચાર્ય પ્રમાણમીમાંસામાં **सम्यगर्थनिर्णयः प्रमाणं** એવું પ્રમાણનું લક્ષણ આપે છે. જે જ્ઞાનમાં વિષયનો-જ્ઞેયનો-અર્થનો સમ્યગ્ સાચો નિર્ણય થાય તે પ્રમાણ જ્ઞાન. અહીં સવાલ જોવાનો એ ઉભો થાય છે કે જે વસ્તુનો બોધ થયો તે સમ્યગ્ સાચો છે કે નહિં, યથાર્થ છે કે નહિ, તેનો નિર્ણય કરવાના કયા સાધનો છે. અર્થાત્ જ્ઞાનપ્રામાણ્ય (Validity of Knowledge) કેવી રીતે નક્કી થઇ શકે.

જ્ઞાનનું પ્રામાણ્ય નક્કી કરવામાં બે સવાલો ઉભા થાય છે. જ્ઞાનનું પ્રામાણ્ય એટલે જ્ઞાનમાં આવતી વસ્તુનું સ્વરૂપ. વસ્તુસ્વરૂપ એટલે પરમ વસ્તુ-અંતિમ વસ્તુ ultimatet realityનું સ્વરૂપ; તેમજ વસ્તુ સ્વરૂપ એટલે વ્યવહારમાં આવતી સામાન્ય વસ્તુ-સામાન્ય અર્થનું સ્વરૂપ. પરમ વસ્તુના સ્વરૂપની માન્યતામાં જૂદા જૂદા દર્શનોમાં મતભેદ છે; એટલે પરમ વસ્તુનું સમ્યગ્ જ્ઞાન કોનું કહેવું તેમાં પણ જૂદા જૂદા દર્શનો વચ્ચે મતભેદ છે. એક દર્શન વેદાંત જેવું પરમ વસ્તુને કૂટસ્થ નિત્ય માને છે. બીજું બૌદ્ધ દર્શન જેવું પરમ વસ્તુને ક્ષણિક માને છે, ત્રીજું જૈન દર્શન જેવું પારિણામિક નિત્ય માને છે, એક દર્શન એકાંત ચૈતન્યમય માને છે, બીજું એકાંત જડ માને છે, ત્રીજું પરમ વસ્તુના બે પ્રકાર જડ અને ચૈતન્ય માને છે. આવા દર્શનોના જૂદા જૂદા મંતવ્યોમાં પરમ વસ્તુના યથાર્થ જ્ઞાનના વિષયમાં પણ મતભેદ રહે છે. અહીં આપણે પરમ વસ્તુના યથાર્થ બોધની સમીક્ષા બાજુ ઉપર રાખી વ્યવહારિક વસ્તુના બોધની સમીક્ષા કરીએ.

વસ્તુનો બોધ યથાર્થ છે કે નહિ, અર્થાત્ જે જ્ઞાન થાય છે તે પ્રમાણજ્ઞાન છે કે નહિ તે નક્કી કરવાના સંબંધમાં ચાર જૂદી જૂદી થીયરી-માન્યતા તત્ત્વજ્ઞોમાં પ્રવર્તે છે. એકને Correspondence theory of truth-જેને આપણે પ્રમેય સંવાદી-પ્રમેય અવ્યભિચારી-જ્ઞાનના વિષય અર્થને બંધબેસતી, જ્ઞાનની થીઅરી કહીએ. આપણા બોધમાં એક વસ્તુ સાકર જણાય, તેની પરીક્ષા કરતાં આપણને તે વસ્તુમાં સાકરના ગુણ જણાય તો તે સાકરનું આપણું જ્ઞાન યથાર્થ છે, અર્થાત્ પ્રમાણ જ્ઞાન છે એમ આપણે નક્કી કરીએ.

બીજી થીઅરીને pragmatic theory of truth કહેવામાં આવે છે. આ થીઅરી પ્રમાણે જ્ઞાનને પ્રમાણ જ્ઞાન થવા માટે ઉપયોગિતા ગુણની આવશ્યકતા માનવામાં આવે છે. આ થિયરીની માન્યતા એવી છે કે વસ્તુનો બોધ થતી વખતે તો સામાન્ય બોધ જ થાય છે તે બોધ પ્રમાણે પ્રવૃત્તિ કર્યા પછી જો તેમાં સફળતા મળે તો જ તે બોધ પ્રમાણ બોધ થાય છે-નિર્ણયાત્મક બોધ થાય છે. એટલે જ્ઞાનની ઉત્પત્તિ વખતે જ જ્ઞાનમાં પ્રમાણતા આવતી નથી, પણ જ્ઞાન

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



પ્રમાણે કાર્ય કરતાં સફળતા મળે ત્યારે જ જ્ઞાનમાં પ્રમાણતા validity આવે છે. અર્થાત્ જ્ઞાનનું પ્રામાણ્ય સ્વતઃ નથી પણ પરતઃ છે, બહારની વસ્તુ ઉપર આધાર રાખે છે.

ત્રીજી થીયરીને Coherence theory of truth કહેવામાં આવે છે. આ થીયરીની મૂળ માન્યતા એવી છે કે પરમ વસ્તુ (Reality) રચનાત્મક-સમૂહ-રૂપ-એક કાયારૂપ છે; તેના દરેક અંશો એક બીજા સાથે ઓતપ્રોત સંકળાએલા છે; આખી રચના અને તેના અંશો એક નિયમને આધીન છે. તેના જૂદા જૂદા ભાગો પણ જૂદી જૂદી રચના (system) બની એક નિયમને આધીન રહે છે. આ માન્યતા એક જ પરમ તત્ત્વને માનવાવાળા અને જૂદા જૂદા દેખાતા અંશો તેના ભાગો હોવાનું માનવાવાળા તત્ત્વજ્ઞોની છે. આર્ય દર્શનોમાં રામાનુજાચાર્યનો વિશિષ્ટાદ્વૈતવાદ જે કહેવામાં આવે છે, તે દર્શનની આ માન્યતા છે. પાશ્ચિમાત્ય વિદ્વાનો જેને Objective Idealism કહે છે તેની આ માન્યતા છે. તેમાં પરમ તત્ત્વ ચૈતન્યરૂપ છે, અને જગતમાં દૃષ્ટિગોચર થતા વિધવિધ પ્રકારો તેના અંશો છે. આ માન્યતા પ્રમાણે દરેક અંશો એક બીજા સાથે સંકળાયેલ છે. અને એક અંશમાં કાંઈ આઘાત પ્રત્યાઘાત થાય તે આખા સમૂહને અસર કરે છે. આપણને જે જ્ઞાન થાય છે તે જ્ઞાન જો સમસ્ત વસ્તુને અનુરૂપ થાય તો તે પ્રમાણ જ્ઞાન છે, અનુરૂપ ન હોય પણ પ્રતિરૂપ હોય તો તે જ્ઞાન અપ્રમાણ-ભૂલ ભરેલું છે. દાખલા તરીકે આપણી પરલોકની માન્યતા, કર્મની થીયરી વિગેરે માન્યતા જો વિશ્વરચનાને બંધબેસતી આવતી હોય તો તે યથાર્થ છે, નહિં તો ભૂલભરેલી છે. આ વાદને Coherence theory of truth કહેવામાં આવે છે.

ચોથી થીયરી સ્વતઃ પ્રામાણ્યવાદની છે. વસ્તુનું જ્ઞાન-વસ્તુનો બોધ ઉત્પત્તિ સાથે જ પ્રમાણ હોય છે. જ્ઞાન સ્વસ્વરૂપથી સત્ય-સમ્યગ્ છે. તેમાં જે ભૂલ દેખાય છે તેનું કારણ જ્ઞાનના સ્વરૂપમાં નથી, પણ જ્ઞાનથી વ્યતિરિક્ત કારણને આશ્રયીને છે. જૈન દર્શન પ્રમાણે આત્મા કેવળજ્ઞાન સ્વરૂપ છે, જ્ઞાન આત્માનો ગુણ છે. એટલે જો બીજા અવરોધક કારણો ન હોય તો જે બોધ આત્માને થાય છે તે સમ્યગ્-યથાર્થ જ થાય છે અર્થાત્ આ માન્યતા પ્રમાણે જ્ઞાનનું પ્રામાણ્ય સ્વતઃ છે, પરતઃ નથી.

- જ્ઞાનનું પ્રામાણ્ય નક્કી કરવા માટે આ ચાર માન્યતાઓ તત્ત્વજ્ઞોમાં પ્રવર્તે છે. જૈન દર્શનના વસ્તુસ્વરૂપના મંતવ્ય પ્રમાણે કઈ થીયરી બંધબેસતી આવે છે, તે હવે જોવાનું રહે છે.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



## -: માસિકના લવાજમ અંગે જાહેર ખબર. :-

“શ્રી જૈન ધર્મ પ્રકાશ” માસિક છેલ્લા ઘણા વર્ષથી મોટી ખોટમાં કામ કરે છે.-કાગળ અને છપામણીની અસહ્ય મોંઘવારી તેમજ સ્ટાફને આપવા પડતા મોટા પગારથી માસિકનાં ખર્ચમાં ઘણો વધારો થયો છે. એક એક વર્ષના અંકના લગભગ પાંચ પાંચ રૂપિયા થવા જાય છે, ભાવ ઘટશે એવી આશાથી લવાજમ વધારવાનું મુલતવી રાખ્યું હતું, પણ કાંઇ ભાવ કે બીજા ખર્ચ ઘટ્યા નહિ, ઊલટું દિવસે દિવસે વધારો થતો ગયો, એટલે લાઇલાજે આ સં. ૨૦૦૬ ના વર્ષથી માસિકના વાર્ષિક લવાજમના રૂા. ૩) ત્રણ ( ટપાલ ખર્ચ જુદું ) લેવાનું કમિટીએ નક્કી કર્યું છે.

માટે અમારા ગ્રાહકોને વિનંતિ છે કે આ વર્ષથી તેઓને રૂપિયા ત્રણ ( ટપાલ ખર્ચ જુદું ) લવાજમ આપવાના છે. માસિકથી જે લાભ મળે છે, માસિકને જે ઉત્તેજન અમારા ગ્રાહકો આપે છે, તેથી અમને પૂર્ણ આશા છે કે સૌ ગ્રાહક અમારી માગણીને માન્ય રાખશે, છતાં કોઇને ગ્રાહક રહેવાની ઇચ્છા ન હોય તો તેમણે આ વર્ષના ચાર અંક મળ્યા છે તેનો રૂપિયો એક મોકલી આપવો, અને પછીના અંકો ન મોકલાવવા લખી જણાવવું.

## -: માસિકની મદદ માટે જાહેર વિનંતિ. :-

અસહ્ય મોંઘવારીના કારણે શ્રી જૈન ધર્મ પ્રકાશમાં મોટી ખોટ આવે છે, ગયે વરસે સં. ૨૦૦૫ માં લગભગ ત્રણથી ચાર હજારની ખોટ આવેલ છે, માટે અમારા સભાસદો, પેટ્રનો, લાઇફ મેંબરો અને વાર્ષિક મેંબરો તથા માસિકના ગ્રાહકોને અમારી વિનંતિ છે કે જ્ઞાનખાતામાં આવેલ આ ખોટ યથાશક્તિ મદદ કરી પૂરી કરી આપવી. ફૂલ નહિં તો ફૂલની પાંખડી એ ન્યાયે દરેક ગૃહસ્થ મદદનો હાથ લંબાવશે તો અમારી ખોટ પૂરી થશે, માટે વિનંતિ છે કે ઓછામાં ઓછા પાંચ રૂપિયા અને વધારામાં વધારે રૂપિયા પચીશની મદદ મોકલાવી સૌ ગૃહસ્થો અમને ઉપકૃત કરશે. મદદ મોકલનાર ગૃહસ્થ કે સંસ્થાના નામ માસિકમાં પ્રસિદ્ધ કરવામાં આવશે.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

## : : સ્વ૦ શાહ જાદવજીભાઇ નરશીદાસ : :



ભાવનગરનિવાસી આ બંધુ ઓગણુસાઠ વર્ષની વયે મુંબઇખાતે સ્વર્ગવાસી થયા છે. સાધારણુ સ્થિતિમાં જન્મ પામી આપબળે આગળ વધી નામના કાઢનાર જે કેટલીક વ્યકિતઓ થઇ ગઇ તેમાં શ્રી જાદવજીભાઈનું હમેસને માટે સ્થાન છે.

તેઓશ્રી અમારી સભાના પેટ્રન તેમજ હિતસ્વી હતા. તા ૫ મી ફેબ્રુઆરીના રોજ મળેલી સભાની મેનેજીંગ કમિટિએ તેઓશ્રી માટે નીચે પ્રમાણે શોકદર્શક ઠરાવ કર્યો હતો.

"આપણી સભાના પેટ્રન શાહ જાદવજીભાઇ નરશીદાસ મુંબઇખાતે મહા વદિ બીજના રાત્રિના સ્વર્ગવાસી થતાં આજની મળેલી મેનેજીંગ કમિટી સખ્ત દિલગીરી દર્શાવે છે અને સભાએ એક હિતસ્વી ગુમાવ્યો છે તેમ માને છે. તેમની ધાર્મિક વૃત્તિ, ઉદારતા અને સૌજન્યતા સૌ કોઇને અનુકરણીય હતી. દરેક ધાર્મિક અને પારમાર્થિક કાર્યોમાં તેઓશ્રી કીંમતી મદદ આપતા હતા. અમે સ્વર્ગસ્થ આત્માની શાંતિ ઇચ્છી તેમના આપ્તજનો પર આવી પડેલ આપત્તિમાં હમદર્દી દર્શાવીએ છીએ."

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

Reg. No. B. 156


વાંચવા લાયક વસાવવા લાયક નવા પુસ્તકો

# શ્રી આનંદઘનજી–ચોવીશી

## [ અર્થ, ભાવાર્થ અને વિવેચન સહિત ]

જેની ઘણા જ સમયથી માંગ હતી તે શ્રી આનંદઘનજી ચોવીશી અર્થ તથા વિસ્તારાર્થ સાથે હાલમાં જ છપાવીને બહાર પાડવામાં આવી છે. શ્રી આનંદઘનજીના રહસ્યમય ભાવાર્થને સમજવા માટે તેમજ આધ્યાત્મિક વિકાસ સાધવા માટે આ ચોવીશી એક ગ્રંથરૂપ છે. પાકું કપડાનું બાઇંડીંગ છતાં પ્રચારાર્થે મૂલ્ય માત્ર રૂા. ૧–૧૪–૦ પોસ્ટેજ અલગ.

# શ્રી પર્વતિથિ સ્તવનાદિ સમુચ્ચય

દરેક પર્વ તિથિઓના, વીશ સ્થાનક, નવપદ, ચોવીશે તીર્થંકરો, પર્યુષણ તથા મહત્ત્વના ચૈત્યવંદન, સ્તવન તથા સજ્ઝાય વિગેરેનો અનુપમ સંગ્રહ. પાકું કપડાનું બાઇંડીંગ અને પાંચશે લગભગ પૃષ્ઠ હોવા છતાં મૂલ્ય માત્ર રૂપિયા ત્રણ, પોસ્ટેજ અલગ.

# શ્રી નવસ્મરણાદિ સ્તોત્ર સંગ્રહ

મહાપ્રભાવિક નવસ્મરણ ઉપરાંત ઘંટાકર્ણ, સરસ્વતી મંત્ર, ઋષિમંડળ, ગૌતમસ્વામી રાસ વિગેરે ઉપયોગી સ્મરણોનો સંગ્રહ. ગુજરાતી ટાઇપ, પોકેટ સાઇઝ, પાકું કપડાનું બાઇંડીંગ છતાં મૂલ્ય માત્ર બાર આના, પોસ્ટેજ અલગ.

લખો—

**શ્રી જૈન ધર્મ પ્રસારક સભા—ભાવનગર.**

## શ્રી ત્રિષષ્ટિશલાકા પુરુષ ચરિત્ર ભાષાંતર

### પર્વ ૧ થી ૧૦ : વિભાગ ૫

આ આખા ગ્રંથમાં દશ પર્વ છે. કલિકાલસર્વજ્ઞ શ્રીમદ્ હેમચંદ્રાચાર્યની આ અપૂર્વ કૃતિ છે. મૂળના શ્લોક ૩૪૦૦૦ છે. તેનું ભાષાંતર જુદા જુદા પાંચ ભાગમાં પ્રસિદ્ધ કરેલ છે.

૧ પ્રથમ ભાગ–પર્વ ૧–૨ શ્રી ઋષભદેવ, અજિતનાથ વગેરેના ચરિત્ર. કિં. રૂા. ૩–૪–૦
૨ બીજો ભાગ–પર્વ ૩-૪ ૫-૬ શ્રી સંભવનાથથી મુનિસુવ્રતસ્વામી સુધીનાં ચરિત્રો. કિં. ૩–૪–૦
૩ ત્રીજો ભાગ–પર્વ ૭ મું. જૈન રામાયણ ને શ્રી નમિનાથ ચરિત્ર કિં રૂા. ૧–૮–૦
૪ ચોથો ભાગ–પર્વ ૮–૯. શ્રી નેમિનાથ ને પાર્શ્વનાથ વગેરેનાં ચરિત્ર કિં. રૂા. ૩–૦–૦
૫ પાંચમો ભાગ પર્વ ૧૦ મું. શ્રી મહાવીરસ્વામીનું સવિસ્તર ચરિત્ર કિં. રૂા. ૨–૮–૦
( પહેલો તથા પાંચમો ભાગ હાલ સીલીકમાં નથી. )


મુદ્રકઃ શાહ ગુલાબચંદ લલ્લુભાઈ–શ્રી મહોદય પ્રિન્ટિંગ પ્રેસ, દાણાપીઠ–ભાવનગર.

For Private And Personal Use Only